ISPG-12 Dehshatgardi Aur Islam

# આતંકવાદ અને ઇસ્લામ

લેખક : ડૉ. અબ્દુલ મુગ્ની

# અનુક્રમણિકા

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# પ્રસ્તાવના

ઈસ્લામી સાહિત્ય પ્રકાશન છેલ્લા ૨૬ થી વધુ વર્ષોથી ગુજરાતમાં ઈસ્લામી સાહિત્યના ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપી રહેલ છે. જેનો મુખ્ય ધ્યેય ગુજરાતી ભાષી મુસ્લિમોમાં દીને ઈસ્લામના સંબંધે વધુમાં વધુ જાણકારી પહોંચાડવાની સાથે સાથે બિનમુસ્લિમ દેશબાંધવોને ઈસ્લામની સાચી શિક્ષાથી અવગત કરાવવાનો અને ઈસ્લામ તમા મુસલમાનો બાબતે પ્રરર્તતી ગેરસમજો દૂર કરવાનો છે. આ અવિરત કાર્યને આગળ ધપાવતાં ઘણાં લાંબા સમય પછી આ એક નવું પુસ્તક "આતંકવાદ અને ઈસ્લામ" પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ મૂળ પુસ્તક ઉર્દૂમાં ડૉ. અબ્દુલ મુગ્ની સાહેબ લિખિત "દેહશતગર્દી ઔર ઈસ્લામ" નો ગુજરાતી અનુવાદ છે. ડૉ. મુગ્ની સાહેબ જાણીના વિવેચક અને દૂરદર્શી વિચારક છે. ઈ.સ. ૧૯૫૮માં પટના યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રોફેસરના રૂપમાં તેમની નિમણૂક થઈ. માનનીય ડૉકટર સાહેબ ઉર્દૂ અને અંગ્રેજી બંને ભાષાઓ પર સારો પ્રભુત્વ ધરાવે છે. બંને જ ભાષાઓમાં દેશની વિવિધ પત્ર-પત્રિકાઓમાં વિવિધ વિષયો પર તેઓ લખતા રહે છે. અત્યાર સુધી તેમના ત્રણ ડઝન જેટલા પુસ્તકો પ્રકાશિત થઈ ચૂકયા છે.

આજે જયારે આતંકવાદ એ એક બહુચર્ચિત શબ્દપ્રયોગ થવા માંડયો છે અને તે પણ ખાસ કરીને ઈસ્લામ અને મુસલમાનો સાથે બહું જ ચતૂરાઈપૂર્વક અને સમજી-વિચારીને જોડવામાં આવ્યો છે તેમજ આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય ક્ષેત્રે એવું પ્રતિપાદિત કરાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે સઆજના આતંકવાદનું ઉદ્ભવ સ્થાન જ ઈસ્લામ છે. આવામાં ઈસ્લામી સાહિત્ય પ્રકાશન પોતાની નૈતિક જવાબદારી સમજે છે કે આતંકવાદ અને ઈસ્લામ બાબતે સાચી અને ન્યાયપ્રિય ચર્ચા પોતાના પ્રકાશન દ્વારા કરે જેથી આ બાબતે પ્રવર્તતી ગેરસમજો દૂર થાય. લોકો સુધી તેની સાચી છબિ પહોંચે.

અલ્લાહતઆલા આ કાર્યમાં આપણો મદદગાર થાય અને આ પુસ્તકથી આવિષયે પ્રવર્તતી ગેરસમજો દૂર કરવાનું સાધન બનાવે....આમીન.

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## આતંકવાદ અને ઈસ્લામ

આજકાલ પ્રચાર માધ્યમો દ્વારા ''આતંકવાદ'' શબ્દનો ઘણો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે અને અમુક રાજકીય તત્ત્વો એ સિદ્ધ કરવાના પ્રયત્નો પણ કરી રહ્યા છે કે તેનો સંબંધ ઈસ્લામ સાથે છે. જો કે સામાન્ય રીતે ન તો આતંકવાદનો અર્થ લોકો સારી રીતે સમજી શક્યા છે અને ન જ તે સરળતાથી સિદ્ધ કરી શકાય છે કે તેનો કોઈ સંબંધ ઈસ્લામથી પણ હોઈ શકે છે.

મૂળ રીતે ઉર્દૂમાં શબ્દ ''દેહશતપસંદી'' અંગ્રેજી શબ્દ (Terrorism)નો અનુવાદ છે. ''ટેરર''નો અર્થ છે ઘણો વધારે ભય, ખતરો અને આતંક. આ અર્થની અભિવ્યક્તિ માટે ફારસી શબ્દ ''દેહશત'' (આતંક)નો પ્રયોગ કરવામાં આવ્યો છે. અને અંગ્રેજીના.''ઈઝમ''નો અનુવાદ ''પસંદી'' (વાદ) કરી દેવાયો. આ રીતે તેનો પૂરો અર્થ આ થયો કે લોકોમાં ભય અને આતંક ફેલાવવાના મતનું નામ ''દેહશતપસંદી'' (આતંકવાદ) છે. બીજા શબ્દોમાં જે લોકો નિર્દોષોની હત્યા અને વિધ્વંસ વિગેરે જેવા ગેરબંધારણીય કે ગેરકાયદેસર, અનૈતિક તથા અમાનવીય કૃત્યો દ્વારા ભયભીત કરીને પોતાની મહેચ્છાઓના ઉદ્દેશોની પૂર્તિ કરવા ચાહે છે, તેમનું આ કુકૃત્ય આતંકવાદ છે. આ ગતિવિધિઓ એવી અનુચિત હિંસા અને યાત્નાઓ ઉપર આધારિત હોય છે કે માનવીનો અંતરાત્મા તેને કદી સહન નથી કરી શકતો અને ન જ સભ્ય સંસાર એવા અત્યાચારની કદી પરવાનગી આપી શકે છે, કેમકે આ વસ્તુ માનવતાને સભ્યતા તથા સંસ્કૃતિથી અસભ્યતા તરફ લઈ જવા સમાન છે. તે એવી જ દાનવતા અને ક્રૂરતાનું પ્રદર્શન છે, જેને ભૂતકાળ કે આદિકાળમાં અસભ્યતાની સંજ્ઞા આપવામાં આવતી હતી. એ જ કારણ છે કે પશ્ચિમી મીડિયાએ આતંકવાદને મધ્યકાળના અંધકારનું પ્રતીક ઘોષિત કર્યું છે. હવે એ બીજી વાત છે કે ઈતિહાસની આ અવધારણા ઠીક એવી રીતે જ પશ્ચિમના રાજનૈતિક સ્વાર્થોની ઊપજ છે, જેવી રીતે આતંકવાદને ઈસ્લામ સાથે જોડવાની કુચેષ્ટા મુસ્લિમ વિરોધી તત્ત્વોના સાંપ્રદાયિક ઉદ્દેશોની દ્યોતક છે.

''ઈસ્લામનો આતંકવાદ સાથે સંબંધ છે'' મૂળ રીતે આ વાત પશ્ચિમી પત્રકારિતામાં અને ખાસ કરીને તે સમયથી ઘણી વધારે વિકૃત સ્વરૂપ આપીને

પ્રસ્તુત કરવામાં આવી રહી છે જ્યારથી ફલસ્તીની મુક્તિ સંગઠન (PLO)ના શસ્ત્રધારી દળના રૂપમાં ''અલફતહ''ને ઇઝરાયલી રાજ્ય અને યહૂદી (Zionist) આતંકવાદીઓ અને તેના સમર્થકોએ આંતરરાષ્ટ્રીય સ્તરે જડબાતોડ જવાબ આપવાનું શરૂ કર્યું. જો કે અત્યાચારીઓની વિરુદ્ધ પીડિતોની આ ગતિવિધિમાં એવા તત્ત્વ સક્રિય હતા, જેમનો કોઈ સંગઠનાત્મક સંબંધ ફલસ્તીની મુક્તિ સંગઠન (PLO)થી ન હતો અને આ આરબ ઉગ્રવાદી પોતાની રીતે ઇસરાયલી ઘાતકીપણાની વિરુદ્ધ પ્રત્યાઘાતી કાર્યવાહી કરીને વિશ્વનું ધ્યાન પોતાના આંદોલનના ઉદ્દેશો તરફ આકર્ષિત કરવા માંગતા હતા. સાથે જ આ ઉદ્દેશની પૂર્તિ માટે કે પીડિતોને ન્યાય મળે, તે માનવજાતિના અંતરાત્માને સચેત કરાવવા માંગતા હતા. જો કે નિર્દોષ લોકોની વિરુદ્ધ કોઈ પણ પ્રકારની કાર્યવાહી એક અતિરેક સમાન છે. જેનું ઔચિત્ય કોઈ આંતરરાષ્ટ્રીય અથવા રાષ્ટ્રીય કાયદામાં હોઈ શકતું નથી, પરંતુ આ અતિરેક તે મોટા અતિરેકની પ્રતિક્રિયા હતો, જે એક હડપનારી સરકાર દ્વારા અધિકૃત દેશના વાસ્તવિક નાગરિકો ઉપર વર્ષોથી અત્યંત ભયાનક રૂપથી થતો આવ્યો છે.

હમણા વર્તમાન સમયમાં ''શૈતાની આયાત'' (Shaitanik Verses)ના લેખક સલમાન રુશ્દીની વિરુદ્ધ ઈરાનના ઈમામ આયતુલ્લા ખુમૈની દ્વારા કતલના ફત્વાના પરિણામ સ્વરૂપ અમુક સ્થળોએ જે હિંસક ઘટનાઓ બની, તેને પણ પશ્ચિમી પ્રેસ અને તેની અંધભક્તિ કરતા ભારતીય પ્રેસો પણ તેને આતંકવાદ ઘોષિત કરીને તેનો સંબંધ ઈસ્લામ સાથે જોડી રહ્યા છે. એ જ સંદર્ભમાં આધુનિક ઈસ્લામી જગતમાં ''કટ્ટરવાદ'' (Fundamentalism)ની પ્રવૃત્તિનો વૈચારિક પ્રશ્ન પણ ઉઠાવવામાં આવી રહ્યો છે. ''કટ્ટરવાદ'' શબ્દ પણ આતંકવાદની જેમ જ પશ્ચિમી જગતનો આવિષ્કાર છે અને ઈસ્લામ હિતેચ્છુઓ ઉપર તેને થોપવાનું કામ પણ અમેરિકા અને યુરોપથી જ શરૂ થયું છે.

## આતંકવાદની પરિભાષા

સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૧૮ ડિસેમ્બર, ૧૯૭૨થી ૭ ડિસેમ્બર, ૧૯૮૭ની વચ્ચે થયેલા વિવિધ અધિવેશનોમાં પંદર વર્ષ કેવળ ''આતંકવાદ''ની પરિભાષા તથા વ્યાખ્યામાં વીતાવી દીધા, પરંતુ આજ સુધી આ શબ્દનો કોઈ સર્વસંમત અર્થ

નિશ્ચિત થઈ શક્યો નથી. આ વિષય પારિભાષિક આતંકવાદ અને તેના રાજનૈતિક પ્રયોગનો છે. સર્વપ્રથમ આ સંબંધમાં વ્યક્તિગત તથા સામૂહિક, પછી સાર્વજનિક તથા રાજકીય આતંકવાદની વચ્ચે ભેદ રેખા દોરવામાં આવે છે. બીજી તરફ વિભિન્ન દેશો અને રાષ્ટ્રો પોતાના વિભિન્ન સ્વાર્થોના કારણે એક-બીજા ઉપર, એક-બીજાની વિરુદ્ધ આતંકવાદનો આરોપ મૂકે છે. સીરિયાનું વકતવ્ય છે કે મધ્ય-પૂર્વમાં આતંકવાદનો આરંભ ઇઝરાયલે ૧૯૫૪માં સીરિયાના એક જહાજને તોડી પાડ્યા પછી થયો. લીબિયાનો મત છે કે જાતિવાદી સરકારોએ દક્ષિણ આફ્રિકા, નામીબિયા અને ફલસ્તીનમાં આતંકવાદથી કામ લીધું. પછી ઇરાકના અણુ રિએક્ટર ઉપર ઇઝરાયલની બોંબવર્ષા અને લીબિયાના રાષ્ટ્રપતિ ગદ્દાફીના નિવાસની સાથે-સાથે ત્રિપોલીમાં નાગરિકોના રહેણાંકો ઉપર અમેરિકાની બોંબવર્ષા સ્પષ્ટ આતંકવાદ નથી ? એ જ પ્રશ્ન નિકારાગુઆ, પોલેન્ડ તથા મધ્ય આફ્રિકી સ્વતંત્ર રાજ્યની ઘટનાઓની બાબતમાં પણ કરી શકાય છે. પશ્ચિમી યુરોપની યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી (ECE) સાથે સંકળાયેલા દેશો અને કેનેડાથી લઈને જાપાન, તુર્કી, આર્જેન્ટીના, ઇઝરાયલ અને અમેરિકા સુદ્ધાં બધા દેશોનો વિચાર છે કે આતંકવાદની પરિભાષા ઉપર સહમત થવું સંભવ નથી. અલબાનિયાએ આતંકવાદના આર્થિક, રાજનૈતિક અને સામાજિક કારણો ઉપર ભાર મૂકતા વિયેતનામ, ઈરાન, ગ્રેનેડા, લેબેનોન અને નિકારાગુઆમાં અમેરિકાનું ઘાતકીપણું, ફલસ્તીનીઓ, લેબેનાનિઓ અને આરબોની વિરુદ્ધ ઇસરાયલી વ્યવહાર, દક્ષિણ આફ્રિકાના કાળા નાગરિકો અને નામીબિયાવાસીઓ ઉપર જાતિવાદી આફ્રિકી સરકારના હુમલા અને અફઘાનિસ્તાન ઉપર રૂસી સૈન્યની વિનાશકારી ગતિવિધિઓ આતંકવાદમાં આવી જાય છે. આથી માત્ર બે દેશોનો વિરોધ અને એકની અનુપસ્થિતિની સાથે સંયુક્ત રાષ્ટ્ર સંઘે બધી આતંકવાદી ગતિવિધિઓ (જેમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપમાં સરકારો પણ સંકળાયેલી છે)ની ટીકા ૧૫૩ દેશોના મતોની ભારે બહુમતીથી કરવામાં આવી.

આ યથાર્થોથી સ્પષ્ટ છે કે આતંકવાદનો આરોપ વર્તમાન વિશ્વના રાષ્ટ્રોનું રાજકીય રમકડું બનીને રહી ગયું છે, એ માટે કે જે દેશોને ઉપરોક્ત વકતવ્યમાં આતંકવાદી બતાવવામાં આવ્યા તે સ્વયં બીજાઓને વિશેષ કરીને પોતાના વિરોધીઓને આતંકવાદી ઘોષિત કરે છે. ઉદાહરણ તરીકે ૨૨ ડિસેમ્બર ૧૯૮૭માં

અમેરિકાએ આતંકવાદ વિરોધી એક્ટનો સ્વીકાર કરીને પી.એલ.ઓ.ને આતંકવાદી જાહેર કરી દીધું, પછી એ જ વર્ષના આરંભમાં આફ્રિકી નેશનલ કોંગ્રેસને પણ એ જ 'ઉપાધિ' આપવામાં આવી. એમાં કોઈ શંકા નથી કે વિયેતનામમાં અમેરિકાના કુકૃત્ય, આરબ જગતમાં ઇઝરાયલની દુષ્ટતા, અફઘાનિસ્તાનમાં રૂસનું ઘાતકીપણું અને એ સૌ પહેલા અલ્જીરિયામાં ફ્રાંસની બર્બરતા (જંગલીપણું) વર્તમાન સદીમાં આતંકવાદના એવા ઘૃણિત ઉદાહરણ છે, જેમાં વિશ્વની શક્તિશાળી સરકારો અનુચિત રીતે સંકળાયેલી છે. તેની તુલનામાં વ્યક્તિઓ અથવા સમૂહોની આતંકવાદી ગતિવિધિઓ વિનાશ અથવા આપદાની દૃષ્ટિથી કોઈ મહત્ત્વ નથી રાખતી. ભારતીય સ્વતંત્રતા સંગ્રામ ઈ.સ. ૧૯૪૨માં અચાનક બ્રિટિશ શાસકો અથવા તેને આધીન પદાધિકારીઓની વિરુદ્ધ જે હિંસા ભડકી શું તેને એ જ અર્થમાં આતંકવાદ કહી શકાય છે, જે અર્થમાં ૧૮૫૭ના નિષ્ફળ સ્વતંત્રતા આંદોલન પછી બ્રિટિશ સામ્રાજ્યે સ્વતંત્રતા પ્રેમીઓને એક આતંક યુગની પરિધિમાં ઘેરી લીધો ? પંજાબમાં જે સ્થિતિ હતી તેનો શું અર્થ નીકળે છે ?

બરટ્રેંડ રસેલે આતંકવાદના સંતુલન (Balance of Terror)ની બાબતમાં એક મનોરંજક વાત અમેરિકા અને રૂસના જબરદસ્ત શક્તિ પ્રદર્શનના પરિપેક્ષ્યમાં કહી છે. તેમનો વિચાર છે કે મૂડીવાદી અને સામ્યવાદી સંઘો (Blocs)ના કર્ણધારો દ્વારા એકબીજાના મુકાબલામાં અત્યંત ઘાતક શસ્ત્રોના પ્રયોગ કરવાની ધમકીના કારણે જ આતંકનું તે સંતુલન સમગ્ર વિશ્વમાં સ્થાપિત થયેલ છે, જે વર્તમાન યુગમાં શાંતિ-અંતરાયનું કારણ છે. જાણે આધુનિક સભ્યતા તથા સંસ્કૃતિ ઉપર છવાયેલો આતંક અને ઘાતકીપણાની સ્પષ્ટ સ્વીકૃતિ છે, જે આજની વિકસિત સભ્ય માનવતા માટે આંખો ઉઘાડનાર છે.

## હિંસા અને આતંકવાદ

હિંસા (Violence) તો નિશ્ચિત રૂપથી આતંકવાદ (Terrorism)નું અંગ અને મૌલિક તત્ત્વ છે, પરંતુ ક્રાંતિકારીઓ અને અત્યાચારી શાસનની વચ્ચે થનારા સંઘર્ષમાં મોટાભાગે બન્ને તરફથી જે રક્તપાત થાય છે, શું તે દરેક સ્થિતિમાં આતંકવાદ છે ? પીડિત લોકો જો અત્યાચારી શક્તિનો મુકાબલો પોતાની શક્તિથી કરે છે અથવા

શાસકના અત્યાચારોની વિરુદ્ધમાં અને તેની વિરુદ્ધ અવાજ ઉઠાવતા પીડિતો દ્વારા પણ અમુક અતિરેકો થઈ જાય તો રાજ્યનો કાયદો આ સંબંધમાં જે પણ કાર્યવાહી કરે, જરૂરી નથી કે ઇતિહાસ તેનું સમર્થન જ કરે. બળજબરીને શાંતિ કહી શકાય નહી અને ન જ તેની વિરુદ્ધ વિદ્રોહને અનિવાર્ય રીતે અશાંતિ કહેવામાં આવશે. સદીઓનો ઘટના ચક્ર એ વાતનો સાક્ષી છે કે અતીતના વિદ્રોહને ભવિષ્યની ક્રાંતિકારી ચળવળ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને તેણે અનેકવાર વિશ્વના વિભિન્ન ક્ષેત્રોમાં શાંતિ-વ્યવસ્થા અને ન્યાય સ્થાપિત કરીને માનવજાતિની સુખાકારી અને સમૃદ્ધિના સાધન પૂરા પાડ્યા છે. ''દરેક ફિરઔનને માટે એક મૂસા'' કહેવતનું તાત્પર્ય પણ એ જ છે. મોટા-મોટા પયગમ્બરો, સુધારકો અને નેતાઓને તે સમયના શાસકોએ વિદ્રોહી કહીને કષ્ટ આપ્યા છે, પછી તેમના અનુયાયીઓ અને સરકારો વચ્ચે એવા યુદ્ધ થયા છે જેના પરિણામે અત્યાચાર અને ભ્રષ્ટાચાર નાબૂદ થયો છે, અને સુધાર તથા કલ્યાણની બોલબાલા થઈ છે.

આથી શક્તિ પ્રયોગ કોઈ અપરાધ નથી અને ન જ તેનો પ્રયોગ ન કરવો સ્વયંમાં કોઈ મોટી નેકી અથવા ભલાઈની વાત છે. ધૈર્ય અને સહિષ્ણુતાનું મહત્ત્વ પોતાની જગ્યાએ સર્વમાન્ય છે, પરંતુ અત્યાચારીઓ માટે સરળ કોળિયું બની જવું અને તેમના મોઢામાં પોતાને નાખી દેવું તેનાથી ભિન્ન વાત છે. એક વસ્તુ છે અત્યાચાર, અને બીજી વસ્તુ છે તેનો પ્રતિરોધ. કોઈ યુદ્ધથી સમાધાન કરી લેવું હથિયાર નાખી દેવા સમાન છે, બલ્કે તેનો મુકાબલો કરવો સાહસ અને વીરતા છે. આથી જે કઠોર પગલું અત્યાચાર તથા ભ્રષ્ટાચારને નાબૂદ કરવા અને ઉપદ્રવને દબાવવા માટે ભરવામાં આવે તે નિશ્ચિત રૂપે જ માત્ર ઉચિત જ નહી, બલ્કે અપેક્ષિત પણ છે. રાજ્યનું પ્રશાસન દેશ અને સમાજના અપ્રિય તત્ત્વોની વિરુદ્ધ જો કડક ઉપાય કરે છે તો તેના ખરા અને ઉચિત હોવામાં કોને શંકા હોઈ શકે છે? વીસમી સદીના બે વ્યાપક યુદ્ધોમાં ફાસિસ્ટો અને નાઝીઓની વિરુદ્ધ જે સૈનિક કાર્યવાહી થઈ તે પણ એક એવી જ કાર્યવાહી હતી. આથી માત્ર કડક ઉપાયોને આતંકવાદ કહેવું ઉચિત નથી. વાસ્તવમાં આતંકવાદ નિર્દોષ અને પીડિત વ્યક્તિઓ ઉપર અત્યાચાર અને તેમને ભયભીત કરવાનું નામ છે, જો કે આ પશુતા તથા ઘાતકીપણું વ્યક્તિગત હોય, અથવા સામૂહિક કે સરકારો તરફથી. આતંકવાદના શબ્દમાં નિર્મમતા, નિર્દયતા અને અત્યાચારની ભાવના નિહિત હોય અને એ જ

યથાર્થ તેને નિંદનીય બનાવી દે છે. હા, એ સત્ય છે કે કોઈ કડક પગલું જ્યારે પોતાની ઉચિત સીમાથી વધીને બગાડનું કારણ બની જાય અને તેનો કોઈ સુધારવાદી ઉદ્દેશ સ્પષ્ટ ન થાય તો તે આતંકવાદની મર્યાદામાં આવી જશે. એવું દમન-ચક્ર જે બીજાઓના જાન-માલ અને પ્રતિષ્ઠા ઉપર હાથ ઉપાડે તે આતંકવાદ છે, જ્યારે કે પોતાના અને બીજાના જાન-માલ અને પ્રતિષ્ઠાની રક્ષાને માટે હથિયાર ઉપાડવું બિલકુલ ઉચિત પગલું છે. એક ગાલ ઉપર કોઈ કારણ વિના તમાચો મારનારની સામે દરેક સ્થિતિમાં પોતાનો બીજો ગાલ પણ ધરી દેવો ઉઘાડી કાયરતા છે અને દુષ્ટોને માત્ર સમર્થન છે એટલું જ નહીં બલ્કે તેમની સાથે સહયોગ કરવા સમાન છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં બ્રિટિશ સામ્રાજ્યની વિરુદ્ધ નિષ્ક્રિય અવરોધ પ્રથમ તો તત્કાલીન સત્તાની શક્તિના મુકાબલામાં પરાજયની ભાવના ઉપર આધારિત હતો, બીજી વાત એ છે કે તે દરેક સ્થિતિમાં એ અવરોધ જ હતો, જો કે તે કેટલોય નિષ્ક્રિય કેમ ન હોય.

*"શક્તિના અભાવમાં શબ્દની મહત્તા નિરાધાર છે."*

## કટ્ટરવાદ અને આતંકવાદ

ધર્મનિરપેક્ષ (Secular) કહેવાતા રાજકારણીઓ ખાસ કરીને શાસક વર્ગ અને પત્રકાર સામાન્ય રીતે વિશુદ્ધ ધર્મ-પરાયણતાને કટ્ટરવાદ કહીને તેનો સંબંધ આતંકવાદ સાથે જોડે છે. અર્થાત્ તે ધાર્મિક ભાવનાઓના આદરને એક એવો ઉગ્રવાદ (Extremism) માને છે, જેનો સીધો સંબંધ હિંસાથી હોય છે. આ ધર્મની અત્યંત ત્રુટિપૂર્ણ કલ્પના છે, બલ્કે ધર્મની સત્યતાના સંબંધમાં જો કે અત્યંત શંકા ઉપર આધારિત ન હોય તો પણ ધર્મથી સ્પષ્ટ વિમુખતા જ તેનો પ્રેરક હોઈ શકે છે. વાસ્તવમાં ધર્મને બદનામ કરવાનું આ એક ષડ્યંત્ર છે અને જે લોકો તેના અપરાધી છે તેમની વિકૃત ધારણા એ છે કે ઇતિહાસમાં સૌથી વધારે રક્તપાત ધર્મના નામ ઉપર થયો છે. જો કે ધર્મ ઉપર આરોપ લગાડનાર વર્તમાન સદીમાં રાષ્ટ્રીયતા અને પ્રગતિશીલતાના નામે થનારા ભયંકર રક્તપાત ઉપર વિચાર કરે તો ધર્મ તેને ઘણો નિર્દોષ દેખાશે. પ્રથમ તથા બીજા વિશ્વ યુદ્ધમાં ધર્મ ક્યાં હતો? સામ્યવાદી રૂસના ભયંકર શુદ્ધિકરણ (Pures)માં ધર્મનું કોઈ અંશ છે? વિયેતનામમાં અમેરિકા, અથવા અફઘાનિસ્તાનમાં રૂસનો અનાવશ્યક હસ્તક્ષેપ,

અથવા ફલસ્તીનમાં ઇઝરાયલનું ઘાતકીપણું કે અલ્જીરિયામાં ફ્રાંસનો અત્યાચાર અથવા ઈથોપિયામાં ઇટલીની દુષ્ટતા, આમાંથી કોઈનો પણ સંબંધ ધર્મ સાથે નથી. ખ્રિસ્તી ધર્મ હોય કે યહૂદી ધર્મ હોય, નિર્દોષોની હત્યા કોઈના ધાર્મિક બંધારણમાં માન્ય નથી. પંજાબની આતંકવાદી ગતિવિધિઓને શીખ ધર્મના શિક્ષણને આધીન બતાવવું ઉચિત નથી, નહીતર શીખોની વિરુદ્ધ પંજાબથી બહાર થયેલા રમખાણોને હિંદુ-ધર્મનું શિક્ષણ માનવું પડશે. આ તથ્ય ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની સમજમાં પણ આવી ગયું હતું. આથી સંસદભવનમાં પંજાબથી સંબંધિત નવીનતમ નીતિની ઘોષણા કરતાં તેમણે જરૂરી સમજ્યું કે કટ્ટરવાદને આતંકવાદથી અલગ કરીને જુઓ. "એક વર્ગ અને અમુક લોકોને છોડીને આતંકવાદીઓનો કોઈ સંબંધ હવે કટ્ટરતા અથવા ધર્મની સાથે નથી."

(ઇન્ડિયા ટુડે, નવી દિલ્હી, ૩૧ માર્ચ, ૧૯૮૯)

કટ્ટરવાદનો બીજો અંગ્રેજી અનુવાદ (Radicalism) છે જેનો પ્રયોગ સામાન્ય રીતે મૌલિક અને સંપૂર્ણ ક્રાંતિવાદ (Fundamental And Total Revolutionism)ને માટે થાય છે. અર્થાત્ એક સંપૂર્ણ અને સર્વવ્યાપી ક્રાંતિની અભિલાષા, જેના અનુસાર કોઈ યુગ અને વાતાવરણની સમગ્ર જીવન-વ્યવસ્થાને પૂર્ણરૂપથી બદલી નાખવાના પ્રયત્ન કરવામાં આવે છે અને આ બધું તે સમયે થાય છે જ્યારે સમાજ પ્રત્યેક દૃષ્ટિકોણથી ભ્રષ્ટ અને દૂષિત થઈ જાય છે. પછી જ્યારે એકવાર જ્ઞાત તથા પ્રચલિત ઇતિહાસમાં એવા સાર્વભૌમિક ક્રાંતિનો ઉદ્‌ભવ થઈ જાય છે તો તે હંમેશને માટે એક આદર્શ લક્ષ બની જાય છે. અને જે સિદ્ધાંત તથા વ્યવસ્થાએ તેને જન્મ આપ્યો હોય છે, તે એના અનુયાયીઓના સ્વપ્નાઓ અને કામનાઓનું કેન્દ્ર બની જાય છે. તેની હેસિયત વિશ્વ અને જીવનના બધા પાસાઓમાં વાસ્તવિકતાના માપદંડની હોય છે. જે એક કસોટીનું કામ કરે છે અને ખરા-ખોટાની પરખ એના આધાર ઉપર થાય છે. આથી વાસ્તવિકતાનું આ કેન્દ્ર માનવીની મહાનતાનો સ્રોત બની જાય છે અને ચેતના તથા ચારિત્ર્યની સમગ્ર વિશેષતાઓનો પ્રેરક તથા લક્ષ માનવામાં આવે છે. આ જગતમાં માનવતાની મંઝિલ (સફળતા)નું પ્રતીક હોય છે અને દરેક પ્રકારની કલ્યાણ-કામનાનું લક્ષ માનવામાં આવે છે. આનું મહત્ત્વ વાસ્તવિક પણ હોય છે, અને પ્રતીકાત્મક પણ. આ કોઈ સમુદાયના અસ્તિત્વના ઉત્તમ પ્રદર્શનનો સર્વપ્રથમ નમૂનો હોય છે અને મનોવિજ્ઞાન તથા

સમાજ શાસ્ત્રના વિદ્વાન સ્વીકારે છે કે એની છાપ કોઈ સમુદાયના સ્મરણમાં સદાને માટે સુરક્ષિત થઈ જાય છે. એ જ કારણ છે કે જ્યારે જગત દૂષિત થાય છે તો સમુદાય પોતાના અસ્તિત્વના સૈદ્ધાંતિક સ્ત્રોતથી જેટલો દૂર થયેલો હોય છે તેની સામૂહિક મનઃસ્થિતિમાં તેનું સ્મરણ એટલું જ તીવ્ર હોય છે અને તેનો અંતરાત્મા એને પુનઃ મેળવવા માટે એટલો જ વ્યાકુળ થઈ જાય છે. આ વ્યાકુળતા ન કેવળ વીતેલા વૈભવની પુનઃ સ્થાપના માટે હોય છે, બલ્કે તેને પ્રાપ્ત કરવા યોગ્ય બનવા સારૂં પોતાનામાં દરેક પ્રકારના પ્રદૂષણોથી સંપૂર્ણ સફાઈ માટે પણ હોય છે, એ માટે કે ભૂતકાળના વૈભવ તથા મહાનતાને ફરીથી પ્રાપ્ત કરવા માટે બધા પ્રકારની કુરીતિઓ અને પથ-ભ્રષ્ટતાનો સુધાર આવશ્યક માનવામાં આવે છે. એવી સ્થિતિમાં ધર્મ-પરાયણતાનો દૃષ્ટિકોણ જ ઉચ્ચ-વિચાર અને પ્રગતિશીલતાનું ચિહ્ન બની જાય છે. એવું સમજો કે ખોટી ધારણાઓ તથા વિશ્વાસો ઉપર સારી ધારણાઓનો વિજય છે, જેની સૌથી મોટી ઓળખાણ સત્યનિષ્ઠા અને શુદ્ધતા છે.

આ સ્થિતિને પશ્ચિમી, અને ખાસ કરીને ખ્રિસ્તી ઈતિહાસના ઉતાર-ચઢાવના દૃષ્ટિકોણથી જોવું અનુચિત હશે, અને આજકાલ કટ્ટરવાદ ઉપર વાદ-વિવાદ કરતી વેળા આંતરરાષ્ટ્રીય પ્રેસ એ જ ભૂલ કરી રહ્યો છે. વાસ્તવમાં ફન્ડામેન્ટાલિઝમનો શબ્દ સેક્યુલરિઝમની જેમ જ યુરોપના અંધકારમય મધ્ય યુગ (Dark Middle Ages)ના પછી પુનરુત્થાન અને ધર્મ-સુધારના યુગથી મળેલ પશ્ચિમી દેશોમાં ચર્ચ અને રાજ્યના સંઘર્ષનું પરિણામ છે જેના સબબે ધર્મ અને રાજકારણ એક-બીજાથી અલગ થઈ ગયા અને ખ્રિસ્તીઓની પદભ્રષ્ટતા અને અત્યાચારના કારણે અધર્મી બુદ્ધિજીવિઓએ ''કેથોલિસીઝમ''ના મુકાબલામાં ''પ્રોટેસ્ટન્ટિઝમ''ની પરિભાષાઓ બનાવી નાખી. અને તેને ધાર્મિક સંદર્ભથી અલગ કરીને જ્ઞાન તથા સાહિત્યનો મહાવરો બનાવી નાખ્યો. આ મુકાબલામાં ઉદારતાને પ્રગતિશીલતા, અને દૃઢનિષ્ઠાને રૂઢિવાદિતા સમજી લેવામાં આવી. પૂર્વી યુરોપના કટ્ટર બાયઝેન્ટાઈન ચર્ચ (Byzantian Orthodox Church)ના ભ્રષ્ટાચારની વિરુદ્ધ પશ્ચિમી યુરોપના ઉદારવાદી રોમન ચર્ચની દુષ્ચારિત્ર્યતાથી પણ વધારે સખત પ્રતિક્રિયા આ સંબંધમાં થઈ. એ જ કારણ છે કે કાર્લ માર્કસનો સામ્યવાદ જર્મન, ઇંગ્લેંડ અને ફ્રાંસથી નીકળીને રૂસમાં વિકસિત થયો.

ધર્મને રાજકારણથી નિષ્કાસિત અને ધર્મને જગતના માર્ગનો પ્રતિરોધ સમજીને

જ પશ્ચિમી જગતે અત્યંત અલ્પબુદ્ધિ અને અપાત્રતાનો એવો પુરાવો આપ્યો કે ભૌતિકતાથી વ્યાકુળ થઈને ધર્મની તરફ વળવાની પ્રવૃત્તિને કટ્ટરવાદથી સંબોધિત કર્યો, જે સામ્યવાદીઓની ઘઢેલી રાજકીય ગાળ, પ્રતિક્રિયાવાદી વિચારધારાનું બીજું નામ છે. અને આ નામ તથા ઉપાધિ બન્ને, ''કેવળ ધર્મ તથા સ્વાભિમાનની વિરુદ્ધ એક ષડ્યંત્ર છે.''

## આતંકવાદ અને ઈસ્લામ

આતંકવાદ અને ઈસ્લામ તદ્દન વિરોધાભાષી છે અને આ બન્ને એક જગ્યાએ ભેગા થઈ જ નથી શકતા, એટલે સુધી કે ઈસ્લામનું નામ લઈને કદાચ ક્યાંક અમુક મુસ્લિમો આતંકવાદ દ્વારા ઉત્તેજના ફેલાવે તો તેનો ઈસ્લામથી કોઈ સંબંધ નથી, બલ્કે આ કૃત્ય ઈસ્લામ ધર્મની અવહેલના અને શરીઅતે મુહમ્મદીમાં પરિવર્તન સમાન લેખાશે, જેને દીન અને શરીઅતના પરિપેક્ષ્યમાં અસભ્યતાની સંજ્ઞા માનવામાં આવશે. ઈસ્લામ યાતના આપવા તથા ભ્રષ્ટાચાર ફેલાવવાની પરવાનગી નથી આપતો. એ જ વાત બીજા એ ધર્મો અંગે પણ કહી શકાય છે જેની વાસ્તવિકતા ખુદાઈ પ્રકાશ ઉપર આધારિત છે, જો કે તેના અનુયાયીઓએ પોતાના પયગમ્બરોના શિક્ષણને ગમે તેટલો વિકૃત કરી દીધો હોય, એટલે સુધી કે તેમના સ્વાર્થી ધર્મનેતા પોતાના ધર્મનો પ્રયોગ ભલે જ ખોટા ઉદ્દેશોની પૂર્તિ માટે કરી રહ્યા હોય, એ માટે કે ધર્મ સમગ્ર વિશ્વના પાલનહારની નિર્ધારિત કરેલી તે જીવન-પદ્ધતિ અને જીવન-વ્યવસ્થા છે જેમાં ભેદભાવ વગર સમગ્ર માનવતાની સુખ-સમૃદ્ધિ નિહિત છે. ધર્મ અલ્લાહે બનાવેલો કાનૂન છે અને ફિતરત (પ્રકૃતિ)ને અનુકૂળ છે. પ્રકૃતિ પોતાની વાસ્તવિકતાની દૃષ્ટિથી આતંકવાદી નથી, નહિતર આ ધરતીને માનવી માટે ઉપયોગી બનાવવામાં ન આવતી, ન જ આકાશ કવિઓની કલ્પનાથી વિપરીત મહેરબાન હોત. જગતનું હવામાન માનવીને માટે એ કારણે અનુકૂળ છે કે તે વિશેષ કરીને માનવીને માટે બનાવવમાં આવ્યા છે.

માનવ-જગતની આ વાસ્તવિકતાનો પ્રવર્તક સૌથી મોટો ઈસ્લામ જ છે જેની ઓળખાણ ઈતિહાસમાં પાછલા ૧૫૦૦ વર્ષોથી શરીઅતે મુહમ્મદી દ્વારા કરાવવામાં આવી રહી છે, કેમકે ધર્મની સાર્વભૌમિક કલ્પના અંતિમ રસૂલ સ.અ.વ.ની રિસાલત (ઈશ-દૈત્ય) પછી તેમની શરીઅત (ધર્મ વિધાન)માં કેન્દ્રીત

થઈ ચૂકી છે. આ શરીઅત ઈસ્લામ ધર્મની ભૂતકાળની બધી શરીઅતોનું અંતિમ સંસ્કરણ છે, અને અંતિમ રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું શિક્ષણ ભૂતકાળના બધા પયગમ્બરોની પુષ્ટિ અને તેમના શિક્ષણનો સંગ્રહ કરે છે. આથી વહી (ખુદાઈ આદેશ)ના અંતિમ ગ્રંથના રૂપમાં કુર્આન અને તેના વ્યવહારિક નમૂનાની હેસિયતથી સુન્નતે-રસૂલુલ્લાહ સ.અ.વ. (હદીસ) આ પ્રાકૃતિક વિધાન અને પ્રાકૃતિક વ્યવસ્થાના આદેશો અને નિર્દેશો અને તેમની સમજૂતી તથા પ્રયોગનો દસ્તાવેજ છે, જે અલ્લાહે ધરતી ઉપર માનવીના શાંતિપૂર્ણ અને પવિત્ર જીવન માટે પ્રસ્તાવિત અને સંકલિત કર્યો છે. ઈસ્લામી જીવન કાનૂન સુખ-સમૃદ્ધિ અને વિકાસનો એકમાત્ર સાક્ષી છે અને દુષ્ટાચાર તથા ભ્રષ્ટાચારની વિરૂદ્ધ સૌથી પ્રભાવકારી સુરક્ષા કવચ છે.

## ઈસ્લામની પરિભાષા

ઈસ્લામ એક અરબી શબ્દ છે જેની ધાતુ (ક્રિયાપદનું મૂળ રૂપ) 'સ-લ-મ' છે અને અરબી વ્યાકરણ અનુસાર વિભિન્ન સ્વરૂપ અનુસાર આ ધાતુથી સંપન્ન થનારો શબ્દ ''ઈસ્લામ'' તથા ''તસ્લીમ'' છે, જ્યારે કે આ ધાતુના અક્ષરોથી બનેલો એક શબ્દ ''સિલ્મ''નો શાબ્દિક અર્થ ''અમન'' (શાંતિ) છે. પછી ''સલામ'' અને ''સલામત''ના શબ્દો પણ આપણી ભાષામાં સલામતીના અર્થમાં પ્રયુક્ત તથા પ્રચલિત છે. સ્વયં ''ઈસ્લામ'' શબ્દનો અર્થ પોતાને અલ્લાહ સમક્ષ સમર્પિત કરી દેવો, તેની આગળ શિશ નમાવવું, તેનું આજ્ઞાપાલન અને ભક્તિ છે. ઈસ્લામી દ્દષ્ટિકોણથી માનવીનું સાંસારિક જીવન અલ્લાહની ઈબાદત માટે છે અને અલ્લાહની ઈબાદત વિશ્વ-શાંતિની સાક્ષી છે. મુસ્લિમ-સમાજમાં ''અસ્સલામુ અલૈકુમ'' (તમારી ઉપર સલામતી હોવ)નો રિવાજ એક ઈસ્લામી ઓળખાણ ઉપર આધારિત છે અને તેમાં દરેક વ્યક્તિને માટે શુભ-સૂચના અને શુભ-સંદેશ રહેલા છે તેનો અર્થ એ છે કે ઈસ્લામ વિશ્વમાં જે સમાજની રચના કરવા માગે છે તે પૂર્ણ રૂપથી રહમત અને વરદાન છે. લોકોની વચ્ચે પરસ્પર સહાનુભૂતિ અને સહયોગ ઈસ્લામની વિશેષ ઓળખાણ છે.

ઈસ્લામની વિશેષતાનો સંકેત ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' નું તે પ્રસિદ્ધ વાક્ય છે જેનાથી મુસ્લિમ-સમાજ અને તેના લોકોના દરેક કાર્યનો આરંભ થાય છે

અને જે કુર્આનમજીદની બધી સૂરાઓનો આરંભ બિંદુ છે. આ વાક્યમાં અલ્લાહની જે બે વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે રહમત (દયા, કરૂણા, કૃપા) ઉપર આધારિત છે. તેનો અર્થ એ છે કે રહેમ તથા કરમ (દયા, કૃપા) જેવી રીતે અલ્લાહની સૌથી મોટી વિશેષતા છે, એવી જ રીતે તેના બંદાઓની પણ ઉત્કૃષ્ટ વિશેષતા છે. તેના જીવનમાં બધી ગતિવિધિઓ અને ક્રિયા-કલાપ અલ્લાહની કૃપાની પ્રાપ્તિને માટે હોય છે અને તેનું પ્રત્યેક કાર્ય અલ્લાહની દયા અને કૃપા તરફ સંકેત કરે છે. દયા, કરૂણાની આ ભાવનાથી વધીને શાંતિ અને સુરક્ષાની સાક્ષી શું જગતમાં સંભવ હોઈ શકે છે ?

## બધાને માટે દયા-કરૂણા

કુર્આનશરીફની પ્રસ્તાવના અર્થાત્ સૂરઃ ફાતિહામાં અલ્લાહની વિશેષતાઓ દયાળુ, કૃપાળુથી પહેલાં તેની હસ્તીને "રબ્બુલ-આલમીન" અર્થાત્ સમગ્ર જગતનો પાલનહાર કહેવામાં આવ્યો છે. આ બન્ને વિશેષતાઓ અલ્લાહની એ જ કૃપાશીલતાથી સંબંધિત છે, બલ્કે તેની વ્યાખ્યા છે. અરબીમાં "રબ"નો અર્થ ઘણો વિસ્તૃત છે. અને તેની એક મૌલિક વિશેષતા સૌના માટે રહમત છે. અલ્લાહ સમગ્ર જગત અને તેમાં વિદ્યમાન સમગ્ર વસ્તુઓનો પાલનહાર અને સંરક્ષક છે અને સમગ્ર સૃષ્ટિ પોતાના સર્જનહારની છત્રછાયામાં જ ઉછરી રહી છે. રબની વ્યાખ્યામાં બે પાસા મુખ્ય છે. પ્રથમ એ કે અલ્લાહને પોતાના બંદાઓની સાથે એવો ઊંડો અને પ્રબળ પ્રેમ છે જેવો કે માતાને પોતાના બાળકથી હોય છે, બીજું એ કે બંદાઓ ઉપર અલ્લાહનો સ્નેહ પિતાના સ્નેહની માફક પડછાયા સમાન હોય છે. આ બન્ને પાસાઓ પ્રેમ તથા સ્નેહની પરાકાષ્ઠાથી સંબંધ ધરાવે છે. આ દૃષ્ટિકોણ દ્વારા ઇસ્લામમાં અલ્લાહની કલ્પના "અલ્લાહને ઈસુ મસીહની કલ્પના અનુસાર બાપ" કહેવાના "દોષપૂર્ણ અકીદા"થી ઘણી સરસ છે, કેમકે એવી કલ્પના અનુસાર અલ્લાહ સાથે માનવીનો કોઈ વંશાનુગત સંબંધ ન હોવા છતાં પણ આ સંબંધોના પ્રેમનો એટલો મોટો અનુદાન અલ્લાહ તરફથી માનવીને મળી જાય છે જે કોઈ વંશગત સંબંધોથી કદી મળી શકતો નથી. એ જ કારણ છે કે રબનો અર્થ સ્વામી તથા સંરક્ષક અને માલિક તથા હાકેમ પણ છે, અર્થાત્ સામાન્ય તથા સામૂહિક રૂપથી અલ્લાહ દરેક દૃષ્ટિથી માનવીનો પાલનહાર, સંરક્ષક,

સહાયક અને માર્ગદર્શક છે. આ સામાન્ય અને વ્યાપક રહમતની ભાવના છે અને તેનાથી વધીને દયા તથા કરૂણાની કોઈ કલ્પના થઈ શકતી નથી. આ વાસ્તવિકતા સ્પષ્ટ રૂપથી કુર્આનની નીચેની આયતોમાં વ્યક્ત કરવામાં આવી છેઃ-

*"સજા તો હું જેને ઈચ્છીશ આપીશ, પરંતુ મારી દયાળુતા દરેક વસ્તુ ઉપર છવાયેલી છે." (સૂરઃ આ'રાફ-૧૫૬)*

એ જ વાત એક અન્ય આયતમાં એવી રીતે કહેવામાં આવી છેઃ-

*"તેણે દયાળુતાની નીતિ પોતાને માટે અનિવાર્ય કરી લીધી છે." (સૂરઃ અન્આમ-૧૨)*

એ જ અલ્લાહની કૃપાનો ચમત્કાર છે કે મનુષ્યની અનેક ભૂલો અને અવજ્ઞા છતાં તેને નિરંતર છૂટ આપવામાં આવતી રહે છે.

*જો કદાચ તે લોકોને તેમના કરતૂતો ઉપર (તરત) પકડતો તો ધરતી ઉપર કોઈ પ્રાણધારીને જીવિત ન છોડતો. પરંતુ એ તેમને એક નક્કી સમય સુધી મહેતલ આપી રહ્યો છે. (સૂરઃ ફાતિર-૪૫)*

## પ્રતિકારનો કાયદો

સાચે જ આ જગતનો પાલનહાર સર્વશક્તિમાન અને ન્યાયપ્રિય છે અને તેણે જગતમાં એક સર્વવ્યાપી, અપરિવર્તનશીલ પ્રતિકારનો કાયદો (બંધારણ) સ્થાપિત કર્યો છે, જેના આધાર ઉપર જીવનમાં એવું સંતુલન જોવામાં આવે છે, જો તે ન હોત તો સમગ્ર જગતમાં અસંતુલન ઉત્પન્ન થઈ જતું અને કોઈ એવો માપદંડ-વ્યવસ્થા સ્થિર ન રહેતી જેના અનુસાર ખરા-ખોટાના નૈતિક ચુકાદાઓ કરીને દુષ્ટોને સજા તથા નેક લોકોને ઈનામ આપી શકાય. આ વ્યવસ્થા પણ અલ્લાહની કરૂણાનું એક પાસું છે. કેમકે તેની અંદર મોટા-મોટા અપરાધીઓને દંડ આપીને બગાડ તથા ભ્રષ્ટાચારનું નિરંતર દમન થતું રહે છે, અને આ ધરતીનું વાતાવરણ હમણાં સુધી માનવીને માટે આનંદમય છે. પ્રતિકારનો કાયદો આ વાતાવરણને વારંવાર સાફ કરીને દૂષિત હવાથી બચાવતો રહે છે, નહિતર ઘાતકીઓ દ્વારા પ્રસરાયેલી ગંદકીઓમાં માનવતાએ દમ તોડી દીધું હોત. વાસ્તવમાં વિશ્વ ઈતિહાસમાં અસામાજિક તત્ત્વોની વિધ્વંસકારીઓ અને આતંકવાદી ગતિવિધિઓ ઉપર સૌથી મોટો અવરોધ અને ચેતવણી ખુદાઈ શક્તિનો પ્રતિકાર-કાનૂન જ છે.

કુર્આનમાં છે કેઃ-

*''પછી જે કોઈએ રજમાત્ર નેકી કરી હશે, તે એને જોઈ લેશે. અને જેણે રજમાત્ર બૂરાઈ કરી હશે, તે એને જોઈ લેશે.'' (સૂરઃ ઝિલઝાલ : ૭-૮)*

*''થળ અને જળ દૂષિત થઈ ગયા છે લોકોની પોતાની હાથોની કમાઈથી, જેથી (અલ્લાહ) મજા ચખાડે એમને તેમના અમુક કુકર્મોનો, કદાચ તેઓ સુધરી જાય.'' (સૂરઃ રૂમ-૪૧)*

*''તારો રબ એવો નથી કે વસ્તીઓને અકારણ વિનષ્ટ કરી દે, જ્યારે કે તેમાં રહેનારા સુધારણા કરનારા હોય.'' (સૂરઃ હૂદ-૧૧૭)*

*''છેવટે અલ્લાહને શું પડી છે કે તમને અકારણ યાતના આપે? જો તમે કૃતજ્ઞતા દેખાડતા રહો અને ઈમાનની નીતિ ઉપર ચાલો.'' (સૂરઃ નિસા-૧૪૭)*

*''જો એવી રીતે અલ્લાહ માનવોના સમૂહોને બીજા સમૂહો દ્વારા ખસેડતો ન રહેતો, તો ધરતીની વ્યવસ્થા બગડતી જતી, પરંતુ સંસારના લોકો ઉપર અલ્લાહની ઘણી ઉદાર કૃપા છે.'' (સૂરઃ બકરહ-૨૫૧)*

આ વિશ્વનું નિરીક્ષણ છે જે દુનિયાથી અંતિમ દિવસ સુધી ચાલતો રહેશે, પ્રકૃતિનો પહેરો ચોમેર લાગેલો છે, દરેક વસ્તુની સમીક્ષા કરી લેવામાં આવી છે અને બધા કાર્ય એક નિયમ પ્રમાણે ચાલી રહ્યાં છે; કઠોરતા તથા કોમળતાના મિશ્રણથી એક સંતુલિત માર્ગ સ્પષ્ટ છે, વ્યક્તિગત તથા સામૂહિક બન્ને પ્રકારની સમીક્ષા વ્યક્તિગત તથા સામૂહિક રૂપથી કરવામાં આવી રહી છે અને ઇતિહાસ બધાને પાઠ ભણાવી રહ્યો છે.

## જગત માટે કરૂણામયી

જેવી રીતે અલ્લાહે સ્વયંને ''રબ્બુલ આલમીન'' (જગતનો પાલનહાર) કહ્યો છે, એવી જ રીતે અંતિમ રસૂલ સ.અ.વ.ને ''રહમતુલ્લિલ આલમીન''ની ઉપાધિ આપી છે. કુર્આનમાં છે :-

*''હે નબી ! અમે તમને જગતને માટે દયાળુ બનાવીને મોકલ્યા છે.''*

(સૂરઃ અંબિયા-૧૦૭)

એવી રીતે રહમતે આલમ સ.અ.વ.નું ચારિત્ર્ય-ચિત્રણ કરતાં પવિત્ર કુર્આને અંતિમ નબી-રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને માટે ''રઉફુર્રહીમ'' (અત્યંત

દયાળુ અને કૃપાશીલ)ની તે દયાળુતા-પૂર્ણ વિશેષતાઓનો પ્રયોગ કર્યો છે જેનાથી વિશ્વ-સ્વામી અલ્લાહની હસ્તી પણ અલંકૃત છે. પોતાના અંતિમ સંદેષ્ટાની વિનમ્રતા અને સ્નેહયુક્ત સ્વભાવનું વર્ણન અલ્લાહે કુર્આનમાં એક સ્થળ ઉપર એ સ્પષ્ટતા સાથે કર્યો છે કે તે એની વિશેષ કૃપા છે:-

*''(હે પયગમ્બર) આ અલ્લાહની મોટી કૃપા છે કે તમે એ લોકો માટે ઘણા નરમ સ્વભાવના છો.'' (સૂરઃ આલેઈમરાન-૧૫૯)*

આ સંબંધમાં અલ્લાહના અંતિમ રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું આ કથન અત્યંત વિચારણીય છે:-

*''સંપૂર્ણ સૃષ્ટિ અલ્લાહનો પરિવાર છે. અલ્લાહને સૌથી વધારે પ્રિય તે છે જે તેના પરિવારની સાથે સારો વ્યવહાર કરે.''*

હવે જે શરીઅત (જીવન-વ્યવસ્થા) સમગ્ર વિશ્વના પાલનહાર દ્વારા પ્રસ્તાવિત થઈ હોય અને તેને પોતાના જીવનમાં અપનાવીને રહમતુલ્લિલ આલમીને દેખાડી હોય, તે શરીઅતમાં અલ્લાહની સૃષ્ટિ માટે કૃપા, દયા અને ન્યાયનું હોવું સ્વાભાવિક છે. એ જ કારણ છે કે માનવતાના ઈતિહાસમાં સામાજિક ન્યાય (Social Justice)નું સર્વોત્તમ ઉદાહરણ જગત સમક્ષ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની શરીઅતે જ પ્રસ્તુત કર્યું છે. એવી આદર્શ જીવન-વ્યવસ્થા માનવને માટે આતંક નહી શાંતિનો સ્રોત છે, ભય અને ખતરો નહી, શાંતિ અને સુરક્ષાનું કારણ છે.

## ઈસ્લામમાં યુદ્ધ અને શાંતિની કલ્પના

(Concept of War and Peace)

સર્વસુલભ દયાળુતા અને રહેમતે આલમના પરિપેક્ષ્યમાં ઈસ્લામમાં શાંતિ અને યુદ્ધની કલ્પનાનું અધ્યયન અત્યંત લાભકારી રહેશે. આ સંબંધમાં સર્વપ્રથમ જોવું જોઈએ કે ઈસ્લામની દૃષ્ટિમાં માનવપ્રાણનું મહત્ત્વ કેટલું વધારે છે. સંસારની પ્રથમ હત્યાનું વર્ણન કરતાં દિવ્ય કુર્આનમાં ધરતીના સૌથી પ્રથમ આતંકવાદી, કાબીલ (આદમના પુત્ર)ને તેના ભાઈ અને તેની શત્રુતાનો ભોગ બનેલ, હાબીલનો આ જવાબ લખવામાં આવ્યો છે કે, ''જો તું મારો વધ કરવા માટે હાથ ઉપાડીશ તો હું તારો વધ કરવા માટે હાથ નહી ઉપાડું.'' અર્થાત્ એક સદાચારી બંદો કદી

વધની ચેષ્ટા નહી કરે. પરંતુ જ્યારે આ સુધારણાકારી અને સમાધાનકારી જવાબ છતાં દુષ્ટ કાબીલે છેવટે હાબીલનું વધ કરી નાખ્યું તો આ ઘટના ઉપર પ્રકાશ નાખતા અને ટિપ્પણી કરતાં કુર્આન, અલ્લાહના એ આદેશની ઘોષણા કરે છે-

*''એ જ કારણે બની ઈસરાઈલ માટે અમે એ આદેશ લખી દીધો કે જેણે મનુષ્યને હત્યાના બદલામાં અથવા ધરતીમાં બગાડ ફેલાવવા સિવાય કોઈ બીજા કારણથી મારી નાખ્યો તેણે જાણે સમગ્ર માનવોની હત્યા કરી નાખી અને જેણે કોઈના પ્રાણ બચાવ્યા તેણે માનો સમગ્ર માનવોને જીવનદાન આપ્યું.'' (સૂરઃ માઈદહ-૩૨)*

આ આયતના તરત બાદ બીજી જ આયતમાં ધરતી ઉપર ઉપદ્રવ ફેલાવનારની સજા એ બતાવવામાં આવી છે કે જો તેઓ પકડાઈ જતાં પહેલાં તૌબા (પ્રાયશ્ચિત) ન કરી લે તો એ લોકોને પરિસ્થિતિને અનુસાર કતલ અથવા દેશનિકાલની સજા આપવામાં આવે. આ સજાની સમજૂતી કરતાં વર્તમાન યુગના સૌથી મોટા ચિંતક, મૌલાના અબુલઆ'લા મૌદૂદી રહ.એ પોતાના અનુવાદિત કુર્આનમાં લખ્યું છેઃ-

*''ધરતીથી અભિપ્રેત અહીં તે દેશ અથવા તે ક્ષેત્ર છે જેમાં શાંતિ-વ્યવસ્થા સ્થાપિત કરવાનું દાયિત્વ ઈસ્લામી સત્તાએ લઈ રાખ્યું હોય અને ખુદા અને રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમથી લડવાનો અર્થ તે સદાચારપૂર્ણ વ્યવસ્થાની વિરુદ્ધ લડવા સમાન છે, જે ઈસ્લામી સત્તાએ દેશમાં સ્થાપિત કરી રાખી હોય. ઈસ્લામી ફિકહ-વેત્તાઓની દૃષ્ટિમાં એનાથી અભિપ્રેત તે લોકો છે જે સશસ્ત્ર થઈને અને જથ્થો બનાવીને લૂંટમાર અને વિનાશ કરે.''*

સ્પષ્ટ રહે કે આ આયતમાં બગાડ અને ઉપદ્રવ ફેલાવનારને ખુદા અને રસૂલથી લડનાર બતાવવામાં આવ્યા છે. તેના સિવાય ઘણા સ્થળે પવિત્ર કુર્આને ''ફિત્ના-ફસાદ''ને કતલથી વધારે ઘાતકી અપરાધ ઘોષિત કર્યો છે. કેમકે તેની વિનાશકારીતા એટલી વિસ્તૃત અને એટલી પ્રબળ હોય છે કે આખી ને આખી કોમ તબાહ અને બરબાદ થઈને રહી જાય છે. ઉપદ્રવ ફેલાવનાર અપરાધીઓને માટે ઈસ્લામ વધારે અસરકારક સજાઓ પ્રસ્તાવિત કરે છે, જેથી સમાજમાં બગાડ અને આતંકવાદને ફૂલવા-ફાલવાનો અવસર ન મળે અને નિર્દોષ વ્યક્તિ તેની ભોગ ન બને. સ્પષ્ટ છે કે જે સમાજમાં બગાડ અને ફિત્નાની ઉઘાડી છૂટ હશે તેમાં મનુષ્યને વાસ્તવિક રાહત અને પ્રગતિનો અવસર પ્રાપ્ત થઈ શકતો નથી, જો કે ત્યાં અમુક વ્યક્તિ પોતાની સત્તા અને ધનના બળ ઉપર અમુક દિવસો માટે

કેટલીય મોજ-મસ્તી કરી લે. ફિત્નો ફેલાવનારા સ્વાર્થી તત્વોને કુર્આન ચેતવણી આપે છે:-

*''તે પરલોકનું ઘર તો તે લોકોના માટે આરક્ષિત કરી દેશે, જે ધરતીમાં પોતાની મગરૂરી નથી ઈચ્છતા અને ન જ બગાડ કરવા માંગે છે અને છેવટે ભલાઈ (અલ્લાહનો) ભય રાખનારાઓ માટે જ છે.'' (સૂરઃ કસસ-૮૩)*

*''ધરતીમાં બગાડ ઉત્પન્ન ન કરો, જ્યારે કે સુધાર થઈ ગયો છે. અને અલ્લાહને પોકારો ભયની સાથે અને લોભની સાથે, નિશ્ચિત અલ્લાહની દયાળુતા સારા ચારિત્ર્યવાળા લોકોની સમીપ છે.'' (સૂરઃ આ'રાફ-૫૬)*

આ આયતમાં એક વિશ્વ-વ્યાપી સંતુલન તરફ સંકેત છે, જેની સ્થાપના દ્વારા જ સમગ્ર ક્રિયા-કલાપોનું અસ્તિત્વ નિર્ભર કરે છે. જે લોકો (ફિત્નો) અને અત્યાચાર કરીને આ સંતુલનનો ભંગ કરે છે તે ઉપદ્રવ મચાવનારા ભ્રષ્ટ તથા અપરાધી છે જેમનાથી સંઘર્ષ અને તેમનું દમન દરેક માનવીનું નૈતિક દાયિત્વ હોવાની સાથે-સાથે પ્રકૃતિની પણ માંગણી છે. કુર્આન આ માંગણીનો સ્વીકાર કરવાની સાથે પ્રતિકારના માટે ઉચિત સીમાઓ પણ નિશ્ચિત કરે છે-

*''અને જો તમે લોકોથી બદલો લો તો બસ એટલો જ લો જેટલી તમારી ઉપર બળજબરી કરવામાં આવી હોય. પરંતુ જો તમો ધૈર્યથી કામ લો તો નિશ્ચિત આ ધૈર્યવાનો માટે વધારે સારું છે.'' (સૂરઃ નહલ-૧૨૬)*

*''જે તમારી ઉપર હાથ ઉપાડે, તમો પણ તેની ઉપર હાથ ઉપાડી શકો છો, જો અલ્લાહથી ડરતા રહો અને એ જાણી રાખો કે અલ્લાહ એ જ લોકોની સાથે છે; જે તેની સીમાઓના ઉલ્લંઘનથી બચતા રહે છે.'' (સૂરઃ બકરહ-૧૯૪)*

આ અત્યાચારના મુકાબલામાં એક રક્ષાત્મક રીત છે જેનો ઉદ્દેશ સ્પષ્ટ અત્યાચારને રોકવું અને ન્યાય-વ્યવસ્થાની સ્થાપના છે. એ જ તે ઉચ્ચ સર્જનાત્મક તથા સુધારવાદી ઉદ્દેશ છે જેના માટે ઈસ્લામે પોતાના અનુયાયી ઉપર જિહાદ અનિવાર્ય કર્યું છે. કુર્આનમાં છે:-

*''અનુમતિ આપવામાં આવી તે લોકોને જેમની વિરુદ્ધ યુદ્ધ કરવામાં આવી રહ્યું છે, કેમકે તે પીડિત છે, અને અલ્લાહને નિશ્ચિત જ તેમની સહાયતાનું સામર્થ્ય છે. તે એવા લોકો છે જેઓ ઘરોમાંથી અનુચિત રૂપથી કાઢવામાં આવ્યા કેવળ એ માટે કે તેઓ કહેતા હતા, અમારો રબ અલ્લાહ છે.''*

(સૂરઃ હજ : આયત-૩૯-૪૦)

આ આયત (૩૯) ઉપર મૌલાના મૌદૂદીની ટિપ્પણી આ પ્રકારની છેઃ-

આ અલ્લાહના માર્ગમાં યુદ્ધ કરવાની બાબતમાં સૌથી પ્રથમ આયત છે જે અવતરિત થઈ. આ આયતમાં કેવળ અનુમતિ આપવામાં આવી હતી. પછીથી સૂરઃ બકરહની આયતો ૧૯૦ થી ૧૯૩ અને ૨૨૪ અવતરિત થઈ, જેમાં યુદ્ધનો આદેશ આપવામાં આવ્યો છે. આ આદેશોમાં કેવળ અમુક મહિનાઓનો ફર્ક છે. અમારા સંશોધન અનુસાર આ અનુમતિ ઝિલહજ, એક હિજરીમાં અવતરિત થઈ અને આદેશ બદ્રના યુદ્ધથી અમુક સમય પહેલા રજબ અથવા શાબાન, બે હિજરીમાં અવતરિત થયો.

જિહાદનો આદેશ પણ ન્યાયની શરતે આપવામાં આવ્યો-

*''અને તમો અલ્લાહના માર્ગમાં તે લોકોથી લડો, જે તમારાથી લડે છે. પરંતુ અતિશયોક્તિ ન કરો કે અલ્લાહ અતિશયોક્તિ કરનારને પસંદ નથી કરતો.''*

(સૂરઃ બકરહ-૧૯૦)

આ આદેશમાં ન્યાયની શરત અને તેની શિખામણ સિવાય બે મૌલિક વાતો એ છે કે લડવાનું તે લોકોથી છે જે લડાઈની શરૂઆત કરે છે અને લડવું પણ કેવળ અલ્લાહના માર્ગમાં છે, કોઈ દેશની સત્તા આંચકી લેવાની લાલચ, યુદ્ધમાં પ્રાપ્ત થતી સંપત્તિનો લોભ અને આંતરિક પ્રતિશોધની ભાવનાથી નથી. એ જ માટે એના પરિપેક્ષ્યમાં આગળની આયતો સ્પષ્ટતા કરે છેઃ-

(૧) અલ્લાહ અને રસૂલથી અનુચિત રીતે લડનારા જો પોતાની યુદ્ધ-પ્રવૃત્તિથી રોકાઈ જાય તો અલ્લાહ ક્ષમા અને દયા કરનારો છે.

(૨) યુદ્ધ તે સમય સુધી લડવું જોઈએ જ્યાં સુધી અત્યાચાર બાકી છે અલ્લાહ અને રસૂલની અવજ્ઞા કરનારા અત્યાચારી એ સીમા સુધી હતોત્સાહિત ન થઈ જાય કે સત્યનો વિજય થઈ જાય છે.

(૩) અને અત્યાચારીઓ સિવાય કોઈની ઉપર હાથ ઉપાડવું ઉચિત નથી.

એક બીજા અવસરે સૂરઃ અન્નિસાની આયતો ૭૫ અને ૭૬માં બતાવવામાં આવ્યું છે કે જ્યારે કોઈ સ્થળે અશક્ત પુરુષો, સ્ત્રીઓ અને બાળકો અત્યાચારીઓ વિરુદ્ધ ફરિયાદ કરે તો તેમની ફરિયાદ પણ સાંભળવી જોઈએ અને અત્યાચારીઓના પંજામાંથી તેમને છોડવવા સારું હથિયાર ઉપાડવા જોઈએ, પરંતુ

આજ્ઞાકારી બંદાઓનું યુદ્ધ હંમેશાં "ઈશ્વરના માર્ગમાં" હોય છે. જ્યારે અવજ્ઞાકારીઓનું યુદ્ધ "શૈતાનના માર્ગમાં" હોય છે. એવી રીતે સૂરઃ નિસાની ૮૮ થી ૯૧ સુધીની આયતોમાં દુષ્ટો અને ધોખો આપનારાથી યુદ્ધનો નિર્દેશ આપતાં સ્પષ્ટતા કરવામાં આવી છે કેઃ- જો તેઓ તમારાથી દૂર થઈ જાય અને યુદ્ધથી રોકાઈ જાય અને તમારી તરફ શાંતિ તથા મિત્રતાનો હાથ લંબાવે તો અલ્લાહે તમારા માટે એમની ઉપર હાથ ઉપાડવાનો કોઈ માર્ગ રાખ્યો નથી.

દુષ્ટો તથા ઉપદ્રવકારીઓને બોધ કે શિક્ષાપ્રદ પરાજય આપવા માટે દરેક પ્રકારની આવશ્યક "શક્તિ" અને યુદ્ધના સાધનો ઉપલબ્ધ કરવાનો આદેશ આપતી વખતે કુર્આન શાંતિની ઇચ્છાનો જવાબ શાંતિની ચેષ્ટાથી જ આપવાની તાકીદ કરે છે.

*"અને હે નબી ! જો શત્રુ સુલેહ અને સલામતી તરફ તૈયાર હોય તો તમે પણ તેના માટે તૈયાર થઈ જાઓ અને અલ્લાહ ઉપર ભરોસો રાખો. ચોક્કસપણે એ જ બધું સાંભળનારો અને જોનારો છે." (સૂરઃ અન્ફાલ - આયત-૬૧)*

આ વ્યાખ્યાંઓથી તે સત્ય બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે કે ઇસ્લામનો મૌલિક અને સ્થાયી ઉદ્દેશ શાંતિ છે, જ્યારે કે યુદ્ધ એક અસ્થાયી અને ક્ષણિક ઘટના છે, એક હંગામી સંકટ છે, જેને દૂર કરવા માટે અમુક ઉચિત શરતોની સાથે અને નિશ્ચિત સીમાઓની અંદર શક્તિનો પ્રયોગ માત્ર વૈધ છે એટલું જ નહી બલ્કે આવશ્યક છે.

ઈસ્લામના માનનારાઓ માટે યુદ્ધ નામ છે સત્ય તથા અસત્યના યુદ્ધનું. જેમાં સંકળાઈને તેમને પોતાના ઈમાનનો પુરાવો આપવા માટે અસત્ય વિરુદ્ધ સત્યને માટે પણ લડવું છે. એ માટે ઇસ્લામી જિહાદનું બીજું નામ "શહાદતે હક" અર્થાત્ પોતાના કર્મો દ્વારા સત્યની સાક્ષી આપવી અને તેની સુરક્ષામાં જાન-માલ અને આબરૂ બધાનો ખતરો લેવાનો છે. સામૂહિક હિતો અને માનવતાની સુરક્ષા માટે બલિદાન આપવાનું છે. આ જિહાદ જેનો અર્થ ખુદાના માર્ગમાં સતત પ્રયાસ છે જીવનની દરેક પળ અને દરેક ક્ષેત્રમાં અલ્લાહ ઉપર ઈમાન રાખનારાઓને ખુદાઈ આદેશો અનુસાર પોતાના અંતિમ શ્વાસ સુધી પોતાની પૂરી શક્તિ સાથે કરવાનો છે.

ઇસ્લામી જિહાદની આ શાનનું એક મુખ્ય પાસું પ્રત્યેક સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય

સમાધાનની મર્યાદાઓનું પાલન છે, તે એ સમય સુધી કે જ્યાં સુધી બીજો વિશ્વાસઘાત અને પોતાના સમાધાનને તોડવા માટે તત્પર ન થઈ જાય, જેના પછી તેની વિરુદ્ધ કોઈ કાર્યવાહીથી પહેલાં સમાધાનને સમાપ્ત કરવાની ઘોષણા કરી દેવાની છે. કુર્આનમાં છે :-

*"હા, જો તેઓ ધર્મની બાબતમાં તમારાથી સહાયતા માગે તો તેમની સહાયતા કરવી તમારી ઉપર અનિવાર્ય છે, પરંતુ કોઈ એવી જાતિની વિરુદ્ધ નહી જેમનાથી તમારું સમાધાન હોય."* (સૂરઃ અન્ફાલ, આયત-૭૨)

*"અને જો તમને કોઈ જાતિથી વિશ્વાસઘાતની આશંકા હોય તો તેની સંધિને સ્પષ્ટ રૂપથી તેની આગળ ફેંકી દો."*

હુદૈબિયાની સંધિ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ મક્કા વિજયની કાર્યવાહી કુર્આનના ઉપરોક્ત નિર્દેશોને અનુસાર જ કરી.

શાંતિ અને યુદ્ધની ઈસ્લામી કલ્પનાથી વધારે યથાર્થવાદી અને ન્યાયોચિત કલ્પના આ ભૌતિક સંસારમાં અસંભવ છે. અને ન ઈતિહાસના પરદા ઉપર કદી ઉપસી છે.

## ઈસ્લામનું ફોજદારી બંધારણ

શાંતિ તથા યુદ્ધની ઈસ્લામી કલ્પના જ સમાન ઈસ્લામી ધારાનો તે કાનૂન છે, જે ફોજદારી કાનૂન (Criminal Law) કહેવાય છે. અને તેની પ્રભાવકારીની સ્થિતિ એવી છે કે આજનું સભ્ય કહેવાતું જગત તેની કલ્પનાથી જ કંપી ઊઠે છે. એ જ કારણ છે કે નિત્ય પશ્ચિમી અને ભારતીય પ્રેસમાં તેની વિરુદ્ધ આલોચનાત્મક ટિપ્પણીઓ પ્રકાશિત થતી રહે છે, ત્યાં સુધી કે મુસ્લિમ દેશોમાં જ્યારે ઈસ્લામી શરીઅતને લાગુ કરવાની ઘોષણા થાય છે તો તથાકથિત સભ્ય લેખકગણ તેનો ઉપહાસ શરૂ કરી દે છે કે આ તો મધ્યકાળના અંધકારમય યુગની તરફ લઈ જવા સમાન છે, પછી તેની વિકૃત છબિઓ ખેંચીને લોકોને ભયભીત કરવામાં આવે છે આ બધો ઉપહાસ અને કટાક્ષ અને ભય કેવળ અજ્ઞાનતા તથા મૂર્ખતા ઉપર આધારિત છે. પશ્ચિમી માનસિકતા તથા ચારિત્ર્ય રાખનારાઓની દુર્ભાવનાઓ અને પક્ષપાત તથા વિલાસિતાઓ પણ આ ક્રૂર પ્રવૃત્તિઓનો પ્રેરક છે. ઈસ્લામી બંધારણ ઉપર ટિપ્પણી કરવાવાળા ભૂલી જાય છે કે આ બંધારણ એક સંપૂર્ણ

જીવન વ્યવસ્થાનું અંગ છે, જે સામૂહિક તથા સામાન્ય રૂપથી પૂર્ણ સામાજિક ન્યાય અને સામાજિક શાંતિની સાક્ષી આપે છે. આ વ્યવસ્થામાં અપરાધોની સજાઓ એ ધારણા ઉપર પ્રસ્તાવિત કરવામાં આવી છે કે ઈસ્લામી રાજ્ય અપરાધની બધી સંભાવનાઓને નષ્ટ કરી દેશે; તેના પછી પણ જો કોઈ વ્યક્તિ કાનૂનનો ભંગ કરે છે તો તેનો અર્થ એ છે કે તેના સ્વભાવમાં જ ઉપદ્રવ છે. અને પોતાના સ્વાર્થો અને ઈચ્છાઓની પૂર્તિ માટે સમગ્ર સમાજને ભયમાં નાખવા માટે તૈયાર થઈ ગયો છે. ભલાઈ અને સુદ્ધતા અને રહમત તથા બરકતથી પરિપૂર્ણ ઈસ્લામી શરીઅત એવા ભયંકર અપરાધીને કદીયે એ વાતનો અવસર આપવા નથી માંગતી કે તે સમાજને કલુષિત કરે અને ભ્રષ્ટાચાર ફેલાવે અને જનસાધારણનું સુખ-ચેન નષ્ટ કરી દે. શરીઅત સામૂહિક હિતોને ધ્યાનમાં રાખીને અપરાધીઓની વિરુદ્ધ સખત સજાઓ પ્રસ્તાવિત કરે છે; જેનો ઉદ્દેશ સ્પષ્ટ રૂપથી અપરાધોનું ઉન્મૂલન કરવાનું છે.

આ સંબંધમાં ઈસ્લામી રાજ્યની રણનીતિ એવી છે કે કોઈ પણ સ્થિતિમાં અપરાધીઓને પ્રોત્સાહન આપીને અપરાધીઓને છાવરવામાં ન આવે. પરંતુ ઈસ્લામી-દંડ વિધાનને એવા સખત સાક્ષ્ય બંધારણને આધીન લાગુ કરવામાં આવે છે, જેમાં ત્રુટિની શક્યતા ઓછામાં ઓછી હોય છે અને અપરાધીઓને અપરાધી એ સમયે ઘોષિત કરવામાં આવે છે, જ્યારે તે સંપૂર્ણ ન્યાયિક કાર્યવાહી પછી સિદ્ધ કરવા માટે પ્રત્યક્ષદર્શી સાક્ષીની જે શરત છે તે પૂરી કરવી સરળ નથી. હત્યાના સબૂત માટે પણ પ્રત્યક્ષદર્શી સાક્ષી આવશ્યક છે એ જ બાબત ચોરીની સજાની છે. ઈસ્લામ માનવીને નિર્દોષ માને છે, ત્યાં સુધી કે તે અપરાધી સાબિત ન થઈ જાય, પરંતુ અપરાધ સિદ્ધ થયા પછી કોઈ નરમી શરીઅતને સ્વીકાર્ય નથી. પ્રથમ : જેની વિરુદ્ધ અપરાધ થયો છે, તેની ક્ષતિપૂર્તિ આવશ્યક છે, બીજો લક્ષ અપરાધની પ્રવૃત્તિ રાખનારને ચેતવણી પણ આપવાની છે, ત્રીજું અપરાધીનો પોતાનો સુધાર પણ પ્રભાવકારી સજા વગર સંભવ નથી; સામાન્ય સજાઓથી છૂટીને વારંવાર અપરાધ કરનારા કુટેવવાળા બનીને પાકા અપરાધી બનીને સમાજ માટે સમસ્યા ઉત્પન્ન કરે છે. ઈસ્લામી વ્યવસ્થામાં અપરાધની ઘટના ભાગ્યે જ થશે, સજા મુશ્કેલીથી થશે પરંતુ કઠોર હશે.

આ વસ્તુસ્થિતિ પ્રચલિત પશ્ચિમી વ્યવસ્થાથી સદંતર ભિન્ન છે, જેમાં સર્વપ્રથમ

અપરાધની પ્રેરણાઓ વધારે છે. બીજું સજાઓ સરળ છે. ત્રીજું નવીનતમ કલ્પનાઓની અંદર જેલોને વિલાસિતાનું કેન્દ્ર બનાવવામાં આવી રહી છે. આ બધી વાતો તે ખોટી અવધારણાઓનું પરિણામ છે કે અપરાધ એક સાધારણ ભૂલ છે, જે કોઈથી પણ થઈ શકે છે. કેમકે પશ્ચિમી દર્શનને અનુસાર દરેક માણસની પ્રકૃતિમાં એક દાનવ છુપાયેલો છે. અપરાધીઓની સાથે સખ્તાઈને બદલે નરમ વલણ અને એવી રીતે પોતાનો સુધાર સ્વયં કરી શકે તેનો અવસર આપવો જોઈએ. આ માનવીય માનસિકતાનું વિચિત્ર વિશ્લેષણ છે, જે કોઈ તર્ક અને ઔચિત્ય ઉપર આધારિત નથી, બલ્કે કેવળ ઇચ્છાઓ અને હવસની ઉપજ છે. આજે મોટા-મોટા અપરાધીઓ દેશ અને રાષ્ટ્રના નાયક બનેલા છે. મોટા-મોટા દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને પ્રધાનમંત્રીઓનું આંતરિક જીવન પાપોથી પરિપૂર્ણ છે. તે પોતાની વિલાસિતા અને મહેચ્છાઓ માટે કોઈની પણ પ્રતિષ્ઠા ઉપર હાથ નાખી શકે છે. વર્તમાન લેટિન સમાજમાં ચારિત્ર્યની શુદ્ધતા તથા સતીત્વની કોઈ કલ્પના કરવી અશક્ય છે. ઉદારવાદિતા અને સ્વેચ્છાચારિત્ર્યના શબ્દો એક-બીજાના પર્યાય બની ગયા છે. પાપીઓના આ ટોળામાં કોઈ પાપી ઉપર પહેલો પથ્થર કોણ ફેંકશે ? કોઈ નહી ! એ માટે કે બધા જ પાપી છે અને પાપથી ભર્યા જીવન ઉપર તેમને સહમતિ જ નથી, બલ્કે પ્રસન્નતા પણ છે !

ઇસ્લામ એવા પ્રકારના અપવિત્ર અને અપરાધપૂર્ણ જીવનને સાંખી લેવા માટે તૈયાર નથી, જે આધુનિક વિકૃત સમાજનું આદર્શ છે. ઇસ્લામમાં અપરાધ અને દંડની પરિકલ્પના, વર્તમાન સમયની પ્રચલિત વિભિન્ન કલ્પનાઓથી અલગ છે. વાસ્તવમાં ઇસ્લામી કાયદો ન્યાય (Justice) ઉપર ભાર મૂકે છે નહિ કે દયા ઉપર, એ માટે કે કાનૂન કાનૂન છે અને રાજયનો નિયમ છે. કોઈની આંતરિક બાબત નથી. કાનૂનની મર્યાદામાં આવી જનારની પકડ પૂરી દૃઢતાથી થવી જોઈએ અને તેનાથી સંબંધિત નિર્ણય કોઈ નરમી અને છૂટ આપ્યા વગર થવો જોઈએ, જેના પછી સજા લાગુ કરતા પહેલા અમુક બાબતોમાં બન્ને પક્ષોને સમાધાનની અનુમતિ આપી શકાય છે, વાદીની સજામાં ઘટાડો કરવાનો અધિકાર પણ મળી શકે છે અને પ્રતિવાદી ક્ષતિપૂર્તિ પણ કરી શકે છે. આ સંબંધમાં કુર્આન, બાઈબલમાં વર્ણિત મૂસવી શરીઅતના મૌલિક કાનૂનની પુષ્ટિ એવી રીતે કરે છે :-

તૌરાતમાં અમે યહૂદીઓને એ આદેશ આપ્યો હતો કે પ્રાણના બદલામાં પ્રાણ,

આંખના બદલામાં આંખ, નાકના બદલામાં નાક, કાનના બદલામાં કાન, દાંતના બદલામાં દાંત અને બધા આઘાતોના માટે બરાબરનો બદલો. પછી બદલો ન લઈને ક્ષમા કરી દો તો તે એના માટે પ્રાયશ્ચિત હશે. અને જે લોકો અલ્લાહના ઉતારેલા કાનૂન અનુસાર ચુકાદો ન આપે એ જ અપરાધી છે.(સૂરઃનિસા-૪૫)

આ આયત અનુસાર ચુકાદો આપનારે અલ્લાહના દંડ-વિધાન અનુસાર જ ચુકાદો આપવો જોઈએ, ભલે જ તેના પછી પીડિત વ્યક્તિ પોતાની ઇચ્છાથી અપરાધીને ક્ષમા આપી દે. એ જ વાત કુર્આનમાં એક બીજી જગ્યાએ મુસ્લિમોને સંબોધિત કરતા કહેવામાં આવી છે :-

''હે ઈમાનવાળાઓ ! તમારા માટે હત્યાની બાબતમાં હત્યા-દંડનો આદેશ લખી દેવામાં આવ્યો છે. સ્વતંત્ર વ્યક્તિએ હત્યા કરી હોય, તો તે સ્વતંત્ર વ્યક્તિથી જ બદલો લેવામાં આવશે, ગુલામ હત્યારો હોય તો ગુલામને જ મારવામાં આવે અને સ્ત્રીએ એ અપરાધ કર્યો હોય તો તે સ્ત્રીથી જ બદલો લેવામાં આવે. હા, જો કોઈ હત્યારાની સાથે તેનો ભાઈ (વાદી) કંઈક નરમી કરવા માટે તૈયાર હોય તો સામાન્ય નિયમને અનુસાર ખૂનના બદલે ચૂકવવાની રકમનો નિર્ણય થવો જોઈએ અને હત્યારા માટે આવશ્યક છે કે સારી રીતે અર્થ-દંડ ચૂકવી દે. આ તમારા પ્રભુ તરફથી છૂટ અને દયાળુતા છે. તેની ઉપર પણ જો જબરદસ્તી કરે તેના માટે દુઃખદ યાતના છે. - બુદ્ધિ અને સમજનાર લોકો માટે હત્યાદંડમાં જીવન છે, આશા છે કે તમે આ વિધાનના ઉલ્લંઘનથી બચી જશો. (સૂરઃ બકરહ-૧૭૮-૧૭૯)

આ છે માનવીય સમાનતાની સાથે-સાથે માનવ બંધુત્વનો ઘોષણા પત્ર. ઇસ્લામી બંધારણની દૃષ્ટિમાં બધા સરખા છે, કોઈ મોટું અથવા નાનું નથી. લોકોની વચ્ચે કોઈ અનુચિત ભેદભાવ નથી. અપરાધી કેવળ અપરાધી છે અને સજાને યોગ્ય છે, કોઈ વ્યક્તિ મોટામાં મોટી કિંમત આપી ન્યાય ખરીદી શકતી નથી, ચુકાદો તો ન્યાયની મર્યાદામાં જ થશે. જેના પછી ક્ષમાનો બધો અધિકાર પીડિત વ્યક્તિ અથવા તેના ઉત્તરાધિકારીને છે અને અપરાધી નીચા-મસ્તકે તેની દયા અને કૃપા ઉપર આશ્રિત છે. એવા જ નિષ્પક્ષ ન્યાયમાં વાસ્તવિક જીવનનું રહસ્ય નિહિત છે, ન કે તે પોકળ છૂટછાટોમાં જેમણે વર્તમાન બિન-ઇસ્લામી સમાજને મોતથી પણ બૂરી સ્થિતિમાં નાખી દીધો છે. અને તેની ઉપર દરેક સમય ભય તથા આતંકના

ઓછાયા ઘેરાયેલા રહે છે, અમુક વિશેષ લોકોની મામૂલી વિલાસિતાના કારણે સાધારણ જનસમૂહ ઉપર એક સ્થાયી અભિશાપ થોપી દેવામાં આવ્યો છે.

એમાં કોઈ શંકા નથી કે ઈસ્લામની સામૂહિક વ્યવસ્થાની અંદર તેનો ફોજદારી કાનૂન પાશવિક પ્રવૃત્તિથી ભયાનકતાને દબાવીને સભ્યતા તથા સંસ્કૃતિના તે મૂલ્યોને પોષણ આપે છે જે સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સંતુષ્ટિની ભાવનાને પ્રોત્સાહિત કરે છે, પરંતુ બીજી તરફ આધુનિક પશ્ચિમી ધર્મવિહીન સમાજ નિરંતર દુષ્ટતા તથા ભ્રષ્ટાચાર, શોર-બકોર, આતંકવાદ અને અસંતોષનો ભોગ બનેલો છે. કેમકે એક પ્રાકૃતિક વ્યવસ્થાની અંદર તેના બંધારણીય નિયમ ઘણા અશક્ત છે. અને બહુધા ખંડિત થઈને બદલાય છે અને બદલાઈને ખંડિત થાય છે.

એના ન્યાયી કાયદામાં ધર્મથી વિમુખ થઈ જવા જેવા સખત અપરાધની સજા પણ અદાલતી કાર્યવાહી વગર આપી શકાતી નથી. આ દીન સાથે ધરાર ગદ્દારી (Treason)નો અપરાધ અને ઈસ્લામથી વિદ્રોહનું એલાન છે, ભલે આ ખુદાના અસ્તિત્વથી ઇન્કાર કે રસૂલના તિરસ્કાર પર આધારિત હોય, કુફ્ર અને શિર્કના સ્વરૂપમાં હોય કે રિસાલતની આસ્થાને જેમાં રિસાલતનો અંત પણ સામેલ છે, દુભાવીને હોય, એનું આચરણ કરનારા આરોપીથી સ્પષ્ટતા માગીને એને તોબાની તક આપવામાં આવશે, જેથી એની ધર્મવિમુખતા છતી થઈ જાય ત્યારબાદ જ એની સજાની તજવીજ કરવામાં આવશે, જે આંતરરાષ્ટ્રીય કરારોને અનુલક્ષીને તદ્દન કાયદાનુસાર લાગું કરવામાં આવશે. અને કત્લપાત્રની કત્લ ઈસ્લામી અદાલતની નિર્ધારિત કરેલી પદ્ધતિએ એના નિયુક્ત કરાયેલા આમિલ (Agent) દ્વારા અમલમાં આવશે. આ એક વ્યવસ્થિત અને વિધિવત શરઈ કાર્યવાહી છે. કોઈ શખ્સનું માત્ર અંગત હુકમ કે કાર્ય નથી. ધર્મવિમુખની સજા અનુચિત કત્લના કિસાસ (બદલા)ની જેમ સમાજના આંતરિક કાયદો વ્યવસ્થાને યથાવત રાખવા માટે છે, નહિતર જો એક આસ્થાને સ્વીકારી લીધા બાદ એના ધ્વંસની ખુલ્લી છૂટ લોકોને આપી દેવામાં આવે અને એમની બંડખોર પ્રવૃત્તિઓને કાયદાના બળ દ્વારા રોકવામાં ન આવે તો સમાજની કોઈ પ્રતિષ્ઠા બાકી નહી બચે અને અરાજકતાનો ભોગ બની જશે. દરેક સુસભ્ય અને સંસ્કારી સમાજમાં જેનો કોઈ કાયદો હશે, તેના વિદ્રોહીઓ સાથે આકરામાં આકરો વ્યવહાર કરવામાં આવશે, નહિતર વિદ્રોહની અરાજકતા એક પાશવી કબીલામાં જ વાજબી હોઈ શકે છે

## ઈસ્લામમાં સહિષ્ણુતા

ઈસ્લામી કાનૂનની રૂપરેખા જે પણ હોય, અને તે પોતાની જગ્યાએ બિલકુલ ઉચિત છે. લોકોના પરસ્પરના વ્યવહાર-વિશેષ કરીને બિન-મુસ્લિમો સાથેના વ્યવહારની બાબતમાં ઈસ્લામ અત્યંત સહિષ્ણુતાનું શિક્ષણ આપે છે. આ સંબંધમાં કુર્આનનું શિક્ષણ અત્યંત સહાનુભૂતિપૂર્ણ સહિષ્ણુતા, ઉદારતા અને વિશાળ હૃદયતા ઉપર આધારિત છે. જીવનના ખરા અને ખોટા માર્ગોની વાસ્તવિકતા સ્પષ્ટ હોવા છતાં ઘોષિત કરવામાં આવે છેઃ-

*''ધર્મના વિષયમાં કોઈ જબરદસ્તી નથી.'' (સૂરઃ બકરહ:૫૬)*

ત્યાં સુધી કે બહુદેવવાદીઓ ઈશ્વરના સિવાય જે દેવતાઓની પૂજા કરે છે તેમને અપશબ્દ કહેવાથી પણ રોકવામાં આવે છે-

*''અને (હે ઈમાનવાળા) આ લોકો અલ્લાહના સિવાય જેમને પોકારે છે તેમને ગાળ ન આપો.'' (સૂરઃ અન્આમ-૧૦૮)*

પછી કિતાબવાળાઓ અર્થાત્ યહૂદીઓ અને ઈસાઈઓથી અપીલ કરવામાં આવી છે કે તેઓ મુસ્લિમો સાથે એક એવી વાત ઉપર સહમત થઈ જાઓ જે બધાના વિશ્વાસમાં સમાન છે-

*''કહો, હે કિતાબવાળાઓ, આવો એક એવી વાતની તરફ જે અમારી અને તમારી વચ્ચે સમાન છે. તે એ કે આપણે ઈશ્વરના સિવાય કોઈની બંદગી ન કરીએ, તેની સાથે કોઈને ભાગીદાર ન ઠેરવીએ. અને આપણામાંથી કોઈ ઈશ્વર સિવાય કોઈને પોતાનો પ્રભુ ન બનાવી લે.''(સૂરઃ આલે ઈમરાન-૬૪)*

સૌથી વધીને છે કે મુસ્લિમોની વિરુદ્ધ વિધર્મીઓની અત્યંત ધાર્મિક શત્રુતા અને તેમના દ્વારા ઈબાદતમાં પ્રતિરોધ છતાંયે મુસ્લિમોને નિર્દેશ આપવામાં આવે છે કે તેઓ બીજાની શત્રુતાથી ઉત્તેજિત થઈને ન્યાય-માર્ગને ન છોડે. લોકોના દરેક પ્રકારના વિરોધની વચ્ચે પણ નેકીના કાર્યોમાં તેમની સાથે સહયોગ કરે અને ખોટી વાતોમાં કોઈની સાથે સહયોગ ન કરે.

*''અને જુઓ એક વર્ગે જે તમારા માટે પ્રતિષ્ઠિત મસ્જિદ (કા'બા)નો માર્ગ બંધ કરી દીધો છે, તો એની ઉપર તમારો ક્રોધ તમને ઉત્તેજિત ન કરી દે કે તમો પણ તેમના મુકાબલામાં અનુચિત જબરદસ્તી કરવા લાગો નહી, જે કામ નેકી અને ઈશ-પરાયણતાનું છે તેમાં બધાને સહયોગ આપો. અને જે ગુનાહ અને*

*બળજબરીના કામો છે તેમાં કોઈને પોતાનો સહયોગ ન આપો.''*

(સૂરઃ માઈદહ-૨)

ધર્મનો પ્રચાર પણ સૂજ-બૂજની સાથે કરવાની તાકીદ કરવામાં આવી છે-

*''હે નબી, પોતાના પ્રભુના માર્ગની તરફ બોલાવો હિકમત (સૂજબૂજ) અને સદુપદેશની સાથે અને તે લોકોથી વાદ-વિવાદ કરો તો એવી રીતે જે ઉત્તમ હોય.'' (સૂરઃ અન્-નહ્લ-૧૨૫)*

અનુચિત આક્ષેપો અને આરોપોનો જવાબ પણ સહનંશીલતા અને ક્ષમા તથા શુભચિંતનથી આપવાનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે-

*''અને હે નબી, ભલાઈ અને બૂરાઈ સમાન નથી. તમો બૂરાઈને તે નેકીથી ટાળો, જે ઉત્તમ હોય. તમો જોશો કે તમારી સાથે જેમનું વેર હતું તે આત્મીય મિત્ર બની ગયો છે.'' (સૂરઃ હામીમ-૩૪)*

સંધિ અને મૈત્રી ઇચ્છનારા વિધર્મીઓ તથા મુશ્રિકોની સાથે સામાન્યતઃ સારા વ્યવહારની અનુમતિ તથા મહત્ત્વ છે-

*''અલ્લાહ તમને એ વાતથી નથી રોકતો કે તમો એ લોકોની સાથે નેકી અને ઇન્સાફનો વ્યવહાર કરો, જેમણે ધર્મની બાબતમાં તમારાથી યુદ્ધ નથી કર્યું અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા નથી. અલ્લાહ ઇન્સાફ કરનારાઓને પસંદ કરે છે.''* (સૂરઃ મુમ્તહિના-૮)

ઇસ્લામી સહિષ્ણુતાનું સૌથી મોટું પ્રતીક સ્વયં તૌહીદ(એકેશ્વરવાદ)માં વિશ્વાસ છે, જે એક અલ્લાહ, એક માનવીની મૌલિક તથા સૈદ્ધાંતિક કલ્પનાને આધીન સમગ્ર માનવતાનું એકીકરણ કરીને વિભિન્ન સંપ્રદાયોની વચ્ચે ભાવનાત્મક તથા નૈતિક એકતાનું શિક્ષણ આપે છે. જેવું કે આપણે ઈશ્વરીય આજ્ઞાપાલનમાં કિતાબવાળાઓ (ઈસાઈ, યહૂદી)ને એક સર્વસંમત બિંદુ તરફ આવવાના આહ્વાનમાં જોઈ ચૂક્યા છે. એકેશ્વરવાદની અંદર ઇસ્લામનો તે મહાન ઈશદૂતત્વનો વિશ્વાસ છે, જે અનુસાર કોઈ ભેદભાવ વગર બધા નબીઓ અને રસૂલો પર ઈમાન લાવવું આવશ્યક છે. આ એમ માનો કે વિશ્વ બંધુત્વની ઘોષણા છે. તેના પછી તૌહીદ તથા રિસાલતના વિશ્વાસોના આ વ્યાપક દષ્ટિકોણનું એ વિશિષ્ટ વૈભવ છે કે ભદ્રતા તથા આબરુનું એક જ માપદંડ ''ઈશ-ભય'' અને પરહેજગારીને બનાવી માનવ સમતાની માન્યતાની પુષ્ટિ કરી દેવામાં આવી છે.

રસૂલે તે માર્ગદર્શનને માન્યો, જે પ્રભુ તરફથી તેની ઉપર ઉતર્યો છે. અને જે લોકો એ રસૂલના માનવાવાળા છે, તેમણે પણ માર્ગદર્શનનો દિલથી સ્વીકાર કર્યો છે તે બધું અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના ગ્રંથો અને તેના રસૂલોને માને છે અને તેનું કહેવું એ છે કે ''અમે અલ્લાહના રસૂલોને એક-બીજાથી પૃથક નથી કરતા, અમે સાંભળ્યું અને આજ્ઞાકારી થયા. માલિક, અમે તારાથી ક્ષમાના ઇચ્છુક છીએ અને અમને તારા તરફ આવવાનું છે. (સૂરઃ બકરહ-૨૮૫)

*''લોકો ! અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીમાંથી જન્મ આપ્યો અને પછી તમારી જાતિઓ અને વર્ગો બનાવી દીધા, જેથી તમે એકબીજાને ઓળખો. વાસ્તવમાં અલ્લાહની દૃષ્ટિમાં તમારામાં સૌથી વધારે પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધારે પરહેજગાર છે." (સૂરઃ હુજુરાતઃ૧૩)*

## આતંકવાદ : ઈસ્લામની દૃષ્ટિમાં

ઈસ્લામ ધર્મના વિશ્વાસો અને નૈતિક વ્યવસ્થાના સંબંધમાં ઉપરોક્ત વિશ્લેષણથી સ્પષ્ટ છે કે ઈસ્લામ આતંકવાદ અને આતંકવાદી ગતિવિધિઓને સહન નથી કરતો. વસ્તુતઃ ઈસ્લામી જીવન વ્યવસ્થા મનુષ્યને તે બધી પાશ્વિક પ્રવૃત્તિઓ, માનસિક વ્યાકુળતાઓ અને આર્થિક પ્રતિસ્પર્ધાથી મુક્તિ અપાવે છે, જે વર્તમાન યુગના પ્રચલિત દર્શનો અને વિજ્ઞાને પોતાના આવિષ્કારો અને અન્વેષણોની ત્રુટિથી માનવ-પ્રકૃતિની અંદર શોધી કાઢી છે અથવા તેમની ઉપર થોપી દીધી છે. વાસ્તવમાં આ આધુનિક ભૌતિકવાદ, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રની કલ્પનાઓ છે જેણે માનવીની પ્રકૃતિ અને આવશ્યક્તાઓને આધાર બનાવીને મનુષ્યને એકમાત્ર પાશ્વિક આધાર ઉપર એવી રીતે સમુદાય અને વર્ગોમાં વિભાજિત કર્યા છે કે પરસ્પરના આકર્ષણ અને સહયોગની જગ્યાએ ખેંચતાણ અને સંઘર્ષ માનવીય ઈતિહાસનું ભાગ્ય બની ગયું છે. દરેક વ્યક્તિ અને સમુદાય બીજી વ્યક્તિ એ વર્ગોની સાથે કેવળ પોતાના સ્વાર્થ તથા લાભની પૂર્તિ માટે સંઘર્ષરત છે. અવિશ્વાસ અને સ્વાર્થ-લોલુપતાના કારણે વ્યક્તિ અને સમૂહો, કોમો અને દેશોની વચ્ચે નિરંતર સંઘર્ષ થઈ રહ્યો છે. પરંતુ ઈસ્લામ એક સૃષ્ટિકર્તા દ્વારા માનવનું સર્જન સમગ્ર માનવને એક પુરુષ અને સ્ત્રીની સંતાન અને ઈશ પરાયણતા તથા પરહેઝગારીને સંમાન તથા પ્રતિષ્ઠાનું એકમાત્ર માપદંડ સ્થિર કરીને માનવ-

જગતમાં યુદ્ધ તથા સંઘર્ષના પ્રેરક તત્વોનું ઔચિત્ય સમાપ્ત કરી દે છે. અને સમાધાન તથા શાંતિની સાર્વકાલિક તથા સાર્વભૌમિક વાસ્તવિકતા ઉપર અનિવાર્ય ચિહ્ન લગાવી દે છે.

એ જ કારણ છે કે બહુદેવવાદ એ એકેશ્વરવાદની તુલના કરતાં કુર્આન ઈમાનવાળાઓને શાંતિનો વિશેષ અધિકાર ઘોષિત કરે છે:-

*"બન્ને દળો (મોમિન તથા મુશ્રિક)માંથી કોણ વધારે અમનનો અધિકાર રાખે છે ? બતાવો જો તમને કંઈક જ્ઞાન હોય. વાસ્તવમાં અમન તેમના માટે છે અને ખરા માર્ગમાં એ જ છે જે ઈમાન લાવ્યા અને જેમણે પોતાની આસ્થાને અન્યાયની સાથે લિપ્ત નથી કરી." (સૂર આલેઈમરાન:૮૨-૮૩)*

'ઈમાન' અને 'મોમિન' જે મૂળ ધાતુથી બનેલા છે અર્થાત્ અ-મ-ન તેનું ઉચ્ચારણ અમન જ છે. એવી રીતે અલ્લાહ ઉપર પૂર્ણ વિશ્વાસ, અત્યાચારથી મુક્ત હોય, શાંતિનું કારણ અને ગેરંટી હોય, શાંતિનું વાસ્તવિક સન્માન અને તેની સુરક્ષા પણ ઈમાનવાળા જ કરી શકે છે. એ જ યથાર્થને દષ્ટિમાં રાખતાં કુર્આનમાં અશાંતિ, ભ્રષ્ટાચાર અને દુષ્ટતાને હત્યાથી પણ મોટો અપરાધ ઘોષિત કર્યો છે.

*"અને ઉપદ્રવ રક્તપાતથી પણ વધારે સંગીન અપરાધ છે."*

આ વાત આતંકવાદના સંબંધમાં કહેવામાં આવી છે. જે મક્કાના કાફિરોએ મુસ્લિમોની વિરુદ્ધ લાગુ કરી રાખ્યો હતો. આ કાફિર લોકો નિર્દોષ અને શાંતિપ્રિય મુસ્લિમોની વિરુદ્ધ નિરંતર આતંકવાદી કાર્યવાહી કરીને તેમને દરેક પ્રકારે ભયભીત તથા હેરાન કરતા હતા. કુર્આને તેમની આ યાતનાદાયક દુષ્ટતા અને જંગલીપણાને ઉપદ્રવજનિત ષડ્યંત્રની સંજ્ઞા આપી અને તેને ભયંકર અપરાધ બતાવ્યો. કેમકે તેનાથી સમગ્ર સમાજમાં વિનાશ પ્રસરી રહ્યો હતો અને લોકોનું સુખ ચેન નષ્ટ થઈ રહ્યું હતું.

આ સંકેતોથી જ્ઞાત થાય છે કે આતંકવાદની વિનાશકતા ઈસ્લામની દૃષ્ટિમાં સખત સજાને પાત્ર છે. અને એક ન્યાયપ્રિય સરકાર તથા સદાચારી સમાજને પોતાના બધા સાધનો અને સમગ્ર શક્તિથી કામ લઈને આતંકવાદીઓનું દમન અને આતંકવાદની કમર તોડવી જોઈએ. ઈસ્લામી રાજ્ય કદીય કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહોને, તેમની ફરિયાદ જે પણ હોય, એ વાતની અનુમતિ નથી

આપતો કે તે કાનૂન પોતાના હાથોમાં લઈને મનમાની કરે. તેમની ઉચિત ફરિયાદો દૂર કરવા સારું ઇસ્લામી ન્યાયાલય વિદ્યમાન છે, જેના ફોજદારી કાનૂનની બધી સખ્તાઈ અત્યાચારીઓ અને અપરાધીઓની વિરુદ્ધ છે. જો કોઈ પીડિત છે તો તેની સુરક્ષા અને તેની ક્ષતિપૂર્તિ સરકાર સ્વયં કરશે, પીડિતને પોતાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે અત્યાચારી બનવાની આવશ્યક્તા નથી.

આતંકવાદ એક ઘાતકી કાર્ય છે અને ઇસ્લામની સભ્ય વ્યવસ્થામાં તેને કોઈ અવકાશ નથી. ઈસ્લામ માનવીને કેવળ અલ્લાહનો ભય અપાવે છે, તે કોઈ માનવીને તેની અનુમતિ નથી આપી શકતો કે તે લોકોને પોતાનો ભય દેખાડે અને તેને ભયભીત કરીને પોતાના ઉદ્દેશોની પૂર્તિ કરે. સમાજમાં તનાવ અને સંઘર્ષ ઇસ્લામને સ્વીકાર્ય નથી, તે દરેક પ્રકારના સંઘર્ષ અને ખેંચતાણ સમાપ્ત કરીને એક શાંતિપૂર્ણ વાતાવરણમાં વ્યક્તિઓની વચ્ચે પ્રેમ, સોહાર્દ, ભાતૃભાવ અને સામૂહિક કલ્યાણના કામોમાં સહયોગના અવસર જન્માવવા ઇચ્છે છે, જેથી અલ્લાહના બંદા એકાગ્રતા સાથે પોતાની અને જગતની સૃષ્ટિના ઉદ્દેશોની પૂર્તિમાં વગર સંકોચે ક્રિયાશીલ રહે. જગતમાં સત્યનિષ્ઠા અને ઈશ-પરાયણતાની સાથે સદ્‌વ્યવહાર કરીને આખેરતની સફળતાનો પ્રબંધ કરે.

ઇસ્લામી જિંહાદની શ્રેષ્ઠતા એ છે કે અત્યાચારી સત્તા સમક્ષ સત્યની સ્પષ્ટતા કરવી તેની સર્વશ્રેષ્ઠ વિશેષતા છે અને જુલ્મીને તેના જુલમથી રોકવાના પ્રયત્ન ઈમાનની ઓળખાણ છે, કેમકે લોકોને બૂરાઈથી રોકવું અને ભલાઈનું શિક્ષણ આપવું મુસ્લિમ સમુદાયનું ઉત્કૃષ્ટ ચારિત્ર્ય અને અનિવાર્ય કર્તવ્ય છે. આ જિહાદ બૂરાઈ સામે ભલાઈનો સંઘર્ષ છે અને અસત્યની સામે સત્યને પંથે લડવાનું છે, જેમાં શક્તિનો પ્રયોગ કોઈ વિધ્વંસક કાર્યવાહી માટે નથી, કેવળ રચનાત્મક ઉદ્દેશો માટે હશે. આ સત્યનિષ્ઠા અને સત્ય માટેનો પ્રયત્ન આતંકવાદ અને આતંકવાદી ગતિવિધિઓ માટે મૃત્યુ સંદેશ છે, એ કે તેનો અપરાધી કોઈ પણ હોય, કોઈ સંગઠન કરે અથવા કોઈ સરકાર.

●●●